
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૪ * અંક-૭ * માર્ચ, ૨૦૨૦

## ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો

## ૮૮ સમ્યક્ત્વજયંતી મહોત્સવ ૮૮



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● ચિદાનંદ લક્ષણકી સહાયતાસે જ્ઞાન યા કેવલજ્ઞાન સ્વભાવધારી આત્મા હૈ ઐસા વિશ્વાસ હોતા હૈ તબ હી જ્ઞાનસ્વભાવમયી અંકુર ફૂટતા હૈ. ઈસી જ્ઞાનાંકુરમેં આનંદિત હોનેસે જો પરમ સુખ હોતા હૈ ઉસીસે કર્મોંકી નિર્જરા હોતી હૈ. ૧૭૯૧.

(શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૩૦૦)

● દૂસરોંકો ઠગ લૂંગા ઐસા વિચાર કર જો કોઈ માયાચારકા ઉપાય કરતે હૈં ઉન લોગોંને ઈસલોક તથા પરલોક દોનોંમેં સદા હી અપને આપકો ઠગા હૈ. ૧૭૯૨.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૮૦)

● વારંવાર સર્વ ગ્રંથનો સાર અવિકાર અનુભવ છે. અનુભવ શાશ્વત ચિંતામણિ છે. અનુભવ અવિનાશી રસકૂપ છે. મોક્ષરૂપ અનુભવ છે. તત્ત્વાર્થસાર અનુભવ છે અને જગત્‌ઉધ્ધારણ અનુભવ છે. અનુભવથી અન્ય કોઈ ઉચ્ચપદ નથી. માટે અનુભવ સદાય સ્વરૂપનો કરો. અનુભવનો મહિમા અનંત છે! તે ક્યાં સુધી બતાવીએ ? ૧૭૯૩. (શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું–૬૪)

● અનુભવ ચિંતામણિરત્ન છે. શાંતરસનો કૂવો છે, મોક્ષનો માર્ગ છે અને મોક્ષસ્વરૂપ છે. ૧૭૯૪. (શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, ઉત્થાનિકા, પદ-૧૮)

● સંસારમેં જિસકા ચિત્ત આસક્ત હૈ, અપના રૂપકૂં જે જાનૈ નહીં તિનકે મૃત્યુ હોના ભયકે અર્થિ હૈ. ઔર નિજસ્વરૂપકે જ્ઞાતા હૈ અર સંસારતૈં વિરાગી હૈ તિનકે મૃત્યુ હૈ સો હર્ષકે અર્થિ હી હૈ. ૧૭૯૫. (મૃત્યુ મહોત્સવ, શ્લોક-૧૦)

● જે વિષયથી વિરક્ત છે તે જીવ નર્કમાં તીવ્ર વેદના છે તેને પણ ગુમાવે છે, ત્યાં પણ અતિ દુઃખી થતો નથી. તેથી ત્યાંથી નીકળીને તીર્થંકર થાય છે. આ જિનેન્દ્ર વર્ધમાન ભગવાને કહ્યું છે. ૧૭૯૬. (શ્રી કુંદકુંદઆચાર્ય, શીલપાહુડ, ગાથા-૩૨)

● જેમ કોઈ રાજા મદિરા પી નિંદ્યસ્થાનમાં રતિ માને છે તેમ ચિદાનંદ દેહમાં રતિ માની રહ્યો છે. મદ ઊતર્યે રાજ્યપદનું જ્ઞાન થઈ રાજ્યનિધાન વિલસે તેમ સ્વપદનું જ્ઞાન થતાં સચ્ચિદાનંદ સંપદા વિલસે. ૧૭૯૭.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૨૧)

વર્ષ–૧૪
અંક–૭




વિ. સંવત
૨૦૭૫
March
A.D. 2020



## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં
# સ્વાનુભૂતિપ્રેરક વચનામૃત

✍ ગુરુદેવે તૈયાર કરીને બધું આપ્યું છે. ક્યાંય ગોતવાનું કે મેળવવાનું બાકી રહેતું નથી. પોતાને એક પુરુષાર્થ જ કરવાનો બાકી રહે છે. જગતના બીજા જીવોને સત્ શોધવાની મુશ્કેલી પડે છે કે શું સત્ છે? શું આત્મા છે? આત્માનું સુખ ક્યાં છે? એમ સત્ શોધવું મુશ્કેલ પડે છે. પણ ગુરુદેવે ગોતીને, તૈયાર કરીને, સ્પષ્ટ કરી કરીને આપ્યું છે. ૧.

✍ મંત્ર તો ગુરુદેવે આપ્યો છે કે તું પોતે ભગવાન આત્મા છો, તેને ઓળખ. તે કરવાનું છે. તું પોતે જ સ્વયં ભગવાન છો. અનાદિકાળથી પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં તારામાં તેનો પ્રવેશ થયો નથી. તું દ્રવ્ય સ્વભાવે શુદ્ધાત્મા છો તેને ઓળખ, કરવાનું આ છે. દ્રવ્ય શું છે? પર્યાય શું છે? શુદ્ધતા શું છે? અશુદ્ધતા શું છે? તે ઓળખવાનો પ્રયત્ન કર. પણ, તે અંદર પુરુષાર્થ કરે તો થાય, પોતાને અંદરથી એટલી લગની–જિજ્ઞાસા લાગવી જોઈએ. ગુરુદેવે તો ચોખ્ખો મંત્ર બતાવ્યો છે કે તું ભગવાન છો, જ્ઞાયક છો. તું શુદ્ધ છો તેને તું ઓળખ. આ બહારમાં અટકી રહ્યો છે, પણ આ શુભાશુભભાવો તારું સ્વરૂપ નથી. તું જાણનારો છો. કોઈ પર્યાય માત્રમાં અટકીશ નહિ, તું શાશ્વત દ્રવ્ય છો. ૨.

✍ ભેદજ્ઞાન થયા વગર સાચી અનુભૂતિ થતી જ નથી. જે શરીરને જુદું ન માને, પોતે અંદર જુદું તત્ત્વ છે તેને ઓળખે નહિ અર્થાત્ જુદું તત્ત્વ છે તેને અંદરથી જુદું પાડ્યા વગર સાચી સ્વાનુભૂતિ થતી નથી. વિકલ્પ મંદ પડી જાય એટલે શાંતિ જેવું કાંઈક લાગે,

કંઈક ચમત્કાર દેખાય; પણ અંદરથી વિકલ્પ તૂટીને જે આનંદ આવે તે આવતો નથી. વિકલ્પોને રોકે, દબાવી દે, પણ અંદરથી છૂટો પડતો નથી ત્યાં સુધી સાચો આનંદ આવતો નથી. ૩.

✍ તેણે જ્ઞાનસ્વભાવને ઓળખવો, જ્ઞાનસ્વભાવ તો ખ્યાલમાં આવે એવો છે. જ્ઞાનસ્વભાવ શાંતિથી ભરેલો આનંદમય છે તેને લક્ષમાં લેવો. આનંદનો અનુભવ ભલે નથી, પણ તેને પ્રતીતમાં લેવો, વિચાર કરતાં પ્રતીતમાં આવે તેવો છે. આત્મા જ્ઞાનસ્વભાવથી પ્રતીતમાં લેવા જેવો છે. આત્મા કેવો છે તે ગુરુદેવ બતાવે છે, શાસ્ત્રમાં આવે છે. આત્મા જ્ઞાન લક્ષણથી લક્ષમાં આવે છે. રાગ રાગને જાણતો નથી, તેને જાણનારો જુદો છે. જુદો જાણનારો શાશ્વત રહેનારો છે. રાગની બધી પર્યાયો ચાલી જાય છે, પણ જાણનારો તો એમ ને એમ ઊભો રહે છે. એમ ને એમ ઊભો રહેનારો તે હું છું. નાનપણથી અત્યાર સુધીના બધા રાગાદિ તો ચાલ્યા ગયા, પણ જાણનારો ઊભો છે અને તે જાણનારો હું છું. આ રીતે જાણનારને જુદો પાડવો. જે જે રાગ–વિકલ્પ આવે તેને જુદો પાડે. તેનો અભ્યાસ ઉગ્ર હોય તો ક્ષણે ક્ષણે રાગને જુદો પાડવાનો અભ્યાસ થાય. બુદ્ધિથી એકવાર રાગને જુદો પાડ્યો અને પછી પહેલાંની જેમ એવો ને એવો થઈ જાય તો તેના અભ્યાસની ખામી છે. ક્ષણે ક્ષણે રાગથી જુદા પાડવાનો અભ્યાસ એમ ને એમ ચાલુ રાખે તો સહજ દશા થવાનો અવસર આવે. પહેલાં તો જ્ઞાનથી પ્રતીતમાં આવે છે. ૪.

✍ અહીં ગુરુદેવ બિરાજતા હતા. તેમની વાણીમાં એવો ધોધ વરસતો હતો અને એવી અપૂર્વતા હતી કે બીજાને નક્કી જ થઈ જાય કે માર્ગ આ જ છે. બુદ્ધિથી વિચાર કરે તેને સાચો માર્ગ ન મળે અને નક્કી ન થાય એમ બને જ નહિ. સાચા ગુરુ મળે તેને પોતાને અંદરથી વિશ્વાસ ને હૂંફ આવી જાય, પછી તેને ભટકવાનું રહે જ નહિ. જેને હૂંફ આવી જાય તેને પછી ભલે પુરુષાર્થ મંદ થાય કે પુરુષાર્થ ન કરી શકે, પણ તેની રુચિ આખી બદલાઈ જાય કે આત્મા જુદો છે. ભલે મને માર્ગ નથી પકડાતો, પણ માર્ગ તો આ જ સાચો છે. ભેદજ્ઞાનના રસ્તે જ જવાનું છે, અંતરમાં જ માર્ગ છે—એમ અંતરમાંથી તેને વિશ્વાસ આવી જાય છે. સાચા ગુરુ મળે અને પોતે નક્કી કરે તો ક્યાંય ભટકવાનું રહેતું જ નથી. ૫.

✍ કમળ જેમ પાણીમાં નિર્લેપ રહે છે તેમ જ્ઞાની સદા નિર્લેપ જ રહે છે. બહારના ગમે તેવા સંયોગોમાં તે ઊભેલા દેખાય, છતાં પરિણતિ તો નિર્લેપ જ છે. અનાદિથી આત્મદ્રવ્ય જડ પદાર્થ સાથે એકમેક થયું જ નથી તેથી વસ્તુ સ્વભાવે તો નિર્લેપ

છે જ, પણ આ તો જ્ઞાનીને પર્યાયમાં પણ નિર્લેપપણું પ્રગટ્યું છે, તેથી નિર્લેપ જ રહે છે. જ્ઞાનીને પ્રગટપણે જ્ઞાતાધારાનું પરિણમન વર્તે છે. તે કારણે, જેમ કમળ પાણીમાં નિર્લેપ રહે છે તેમ, પરિણતિ જુદી અને જુદી નિર્લેપ જ રહે છે. ૬.

✍ જેમ સ્ફટિક નિર્મળ છે તેમ હું નિર્મળ છું. સ્ફટિકમાં જેમ ઉપર લાલ-પીળાં પ્રતિબિંબ પડે છે તે સ્ફટિકનો મૂળ સ્વભાવ નથી, તેમ હું નિર્મળ છું. મારા મૂળ સ્વભાવમાં આ વિભાવો પ્રવેશ પામ્યાં નથી. હું તો શુદ્ધ જ છું, નિરાળો છું. આવા નિરાળાપણાનો–ભેદજ્ઞાનનો–અભ્યાસ કરવો. આ પ્રથમ ઉપાય છે.

હું જાણનાર છું, જ્ઞાયક છું. આ શરીર મારું નથી, જડ છે. આ મન પણ મારું નથી. આ વિકલ્પ તે મારો સ્વભાવ નથી. ભલે તે થાય છે મારી પર્યાયમાં, તે કાંઈ જડમાં થતો નથી કે જડ કરાવતું નથી, મારા પુરુષાર્થની નબળાઈથી થાય છે, તો પણ મારો સ્વભાવ નથી. હું તો જુદો જ્ઞાયક છું. એવો જ અભ્યાસ કર્યા કરે તે પહેલો ઉપાય છે. જેને હજી આ અભ્યાસ પણ નથી તેને તો સ્વાનુભૂતિ થવી મુશ્કેલ પડે છે. આ અભ્યાસ એકાંતમાં બેસીને કરે તો જ થાય એમ નથી. આ અભ્યાસ તો ગમે ત્યારે થઈ શકે એમ છે અને તે ક્ષણે ક્ષણે કર્યા જ કરવાનો છે; છતાં એમ ન થાય તો ધીરે ધીરે કરે; પણ એ રીતે ભેદજ્ઞાનનો અભ્યાસ કર્યા કરવાનો છે.

જેમ પાણી સ્વભાવથી શીતળ છે, તે અગ્નિના નિમિત્તે ગરમ થાય છે, તો પણ તેનો સ્વભાવ તો શીતળ જ છે. તેમ હું તો સ્વભાવે શીતળ છું. કર્મના સંયોગમાં મારી પોતાની નબળાઈથી જોડાણ થાય છે, પણ તે મારો સ્વભાવ નથી.

આવો ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં જ્ઞાયકમાં એકાગ્રતા થાય તો આત્માની સ્વાનુભૂતિ થવાનો પ્રસંગ બને છે. ૭.

✍ અંતરમાં એવી પાત્રતા હોવી જોઈએ કે આત્મા પ્રાપ્ત કર્યે જ છૂટકો થાય. એવી રુચિની પરિણતિ પહેલાં પોતા તરફ જાય ને તે પરિણતિ જ પોતાને જોરથી આત્મા તરફ ખેંચી લાવે. રાગ વગરની વસ્તુ મારે જોઈએ છે એવી ભાવના જેને છે તે પોતે અંતરમાંથી પોતાની પરિણતિને પ્રગટ કર્યા વગર રહે નહિ. નહીંતર આવ્યું છે ને? કે ‘‘જગતને શૂન્ય થવું પડે’’ પણ દ્રવ્યનો નાશ તો થતો જ નથી; તેથી પોતાની જોરદાર પરિણતિ જ પોતાને પ્રગટ કર્યા વગર રહેતી નથી. તેવો કુદરતનો સ્વભાવ છે. પરિણતિ પોતાને પોતા તરફ લાવે જ છે. ‘જગતને શૂન્ય થવું પડે’ એટલે કે સ્વભાવ પોતે પોતાનું કાર્ય કર્યા વગર રહે નહિ. પોતે પોતાની પરિણતિ પ્રગટ ન કરે તો વસ્તુ જ ન રહે. ૮.

✍ શરૂઆતમાં બહુ ભાવના આવી જાય તેથી અથવા કોઈ વૈરાગ્યના પ્રસંગથી અંદર ભાવના આવી જતાં ઉગ્ર પુરુષાર્થ થઈ જાય છે. અહો! આ તો કંઈક નવું જ છે, ગુરુદેવે ઉપદેશ આપ્યો તેમાં કંઈક નવી જ વાત કરી, ગુરુદેવે જુદો જ માર્ગ બતાવ્યો. આમ તેને આશ્ચર્ય લાગતાં કે વૈરાગ્ય થતાં પુરુષાર્થમાં ઉગ્રતા આવી જાય છે, પણ થોડા વખત પછી પાછો પુરુષાર્થ ઢીલો પડી જાય છે. કાયમ એકસરખી ભાવના કે વૈરાગ્ય ટકી શકે નહિ. તેથી પુરુષાર્થ ઉગ્ર અને મંદ થઈ જાય એમ થયા કરે છે. પણ વારંવાર તેની ઉગ્રતા જો ધારાવાહી ચાલ્યા કરે તો સ્વાનુભૂતિ સુધી પહોંચી શકે છે. કોઈવાર મહિમા કે વૈરાગ્યના પ્રસંગમાં ઉગ્રતા થઈ જાય છે, વળી પાછો પુરુષાર્થ ઢીલો પડી જાય છે, કેમ કે અનાદિનો અભ્યાસ છે તેથી મંદતા તરફ ઢળી જાય છે. પણ વારંવાર તેની પાછળ પડે તો એકસરખું ટકી રહેવાનો પ્રસંગ બને. ૯.

✍ જેને આત્માની લગની, આત્માના આનંદની અનુપમતા અને આત્માની મહિમા લાગી છે તેને બહારના કોઈ પદાર્થ લલચાવી શકતા નથી કે પ્રતિકૂળતામાં તે ખેદાઈ જતો નથી. એવું જ્ઞાન-વૈરાગ્યનું સામર્થ્ય તેને પ્રગટ્યું છે. હું તો જ્ઞાયક સ્વભાવ છું, આ પરિગ્રહ તે મારું સ્વરૂપ નથી. પુણ્ય-પાપના ભાવો આવે, પણ તેનાથી હું જુદો અને ન્યારો છું. હું તો એક જ્ઞાયકભાવ છું. મારી જ્ઞાતાધારાને કોઈ તોડી શકતું નથી.–આમ તીવ્ર પુરુષાર્થથી મોક્ષપંથે ચાલ્યો તે ચાલ્યો–ઉગ્ર પુરુષાર્થની ધારા ચાલી તે ચાલી–તેને કોઈ રોકી શકતું નથી. ૧૦.

✍ મુમુક્ષુ :—સૌ પહેલાં સમ્યગ્દર્શન થયું હશે ત્યારે આપને આનંદ-ઉલ્લાસ કેટલો આવ્યો હશે!!

બહેનશ્રી :—મારી હું શું વાત કરું? એ તો અનંતકાળથી જે નહોતું મળ્યું તે મળે તેના આનંદનું શું કહેવું!! તે આનંદ અંશે હતો, હવે તો પૂર્ણતાની ભાવના થાય છે. ક્યારે મુનિદશા આવે? ક્ષણે ક્ષણે અંતરમાં વાસ કરી બહાર ન આવીએ એવો દિવસ ક્યારે આવે? એવી ભાવના રહે છે. ચૈતન્યમાંથી પ્રગટ થયેલો તે આનંદ જુદો જ હોય છે! અંગત વાત તો શું કરવી? બાકી હવે તો મુનિદશાની ને કેવળજ્ઞાનની ભાવના થાય છે કે તે દિવસ-એવો અપૂર્વ અવસર ક્યારે આવે કે જ્યારે મુનિ થઈ ક્ષણે ક્ષણે અંતરમાં વાસ કરીએ અને કેવળજ્ઞાન પ્રગટ કરીએ તે ભાવના રહે છે. ૧૧.



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




**(સમયસાર ગાથા ૭૩-૭૪ ઉપર પ્રવચન)**

## આસ્રવોથી છૂટવાની વિધિ

હવે કહે છે કે સમુદ્રના વમળમાં પકડાયેલું વહાણ જેણે છોડી દીધું છે એવા વમળની માફક સર્વ વિકલ્પોને જલ્દી વમી નાખ્યા છે એટલે કે ભગવાન આત્માના આશ્રયે સર્વ વિકલ્પોને જલ્દી છોડી દીધા છે. નિર્વિકલ્પ દષ્ટિ થતાં એકદમ પુરુષાર્થથી સર્વ વિકલ્પોને જલ્દી વમી નાખ્યા છે તેથી એ વમી નાખેલા વિકલ્પો ફરી નહીં થાય એવા જીવને જ અહીં લીધો છે કે જેમ ઓકેલું ભોજન માણસ ન ખાય તેમ રાગને જેણે ઓકી નાખ્યા છે તે ફરીને અમને ઉત્પન્ન થવાના જ નથી એવા જ જીવની ધારા લીધી છે. વિકલ્પને સ્વભાવથી ભિન્ન કરી નાખ્યા છે એટલે કે નાશ કરી નાખ્યા છે. આહાહા ! જેમ દ્રવ્ય પાછું ન પડે તેમ વિકલ્પ પાછો ન થાય. વિકલ્પ થાય ખરો પણ સ્વામીત્વપણે ન થાય.

એ રીતે નિર્વિકલ્પ અચલિત નિર્મળ આત્માનો આશ્રય કરતો અવલંબતો વિજ્ઞાનઘન થયો છે. ભલે વિશેષ જ્ઞાન ન હોય પણ આત્માનો આશ્રય કર્યો તે વિજ્ઞાનઘન થયો છે. વિજ્ઞાનઘન થયો થકો આ આત્મા આસ્રવોથી નિવર્તે છે.

આમાં પાત્રશુદ્ધિ શું ?—કે પહેલાં આવો વિકલ્પાત્મક નિર્ણય કરે છે એ પાત્રશુદ્ધિ છે. કેમ કે મનના સંગે આવો નિર્ણય કરે છે ત્યાં પાંચ-ઈન્દ્રિય તરફના વલણનો ભાવ છૂટી ગયો છે. —આસ્રવોથી કહો, દુઃખથી કહો કે મેલથી કે મળથી કહો, તેનાથી આ વિધિએ નિવર્તવું થાય છે.

## અનેક પ્રકારે આસ્રવોની વિપરીતતા જાણીને તેનાથી પાછો વળ

અહીં છ દૃષ્ટાંતો દ્વારા આસ્રવો ને આત્માનું ભેદજ્ઞાન કરાવે છે કે જેમ પીપળ આદિ વૃક્ષ ઘાત થવા લાયક છે ને તેની સાથે રહેલ લાખ તેનો ઘાત કરનાર છે તેમ જીવ સાથે બંધાયેલા આસ્રવો ઘાતક છે ને જીવની નિર્મળ પર્યાય ઘાત થવા લાયક છે એટલે કે આસ્રવો જીવના સ્વભાવથી વિરુદ્ધ સ્વભાવવાળા હોવાથી તેઓ જીવ જ નથી. જેમ વાઈનો

**શુભ–અશુભ કરમફલ જેતે, ભોગૈ જિય એકહિ તેતે;**
**સુત-દારા હોય ન સીરી, સબ સ્વારથકે હૈં ભીરી. ૬.** –શ્રી છઢાળા

વેગ એકદમ વધે ને ઘટે તેમ ઘડીક દાન આદિ તીવ્ર શુભ રાગ થાય ને પછી ધીમે ધીમે એ શુભરાગ મંદ થઈ જાય છે એટલે કે આસ્રવો વધતા-ઘટતા હોવાથી અધ્રુવ છે અને જાણનાર-દેખનાર ચૈતન્યપ્રભુ જ ધ્રુવ છે. જેમ ટાઢિયો તાવ ને ઊનો તાવ અનુક્રમે ઉત્પન્ન થાય છે તેમ શુભભાવ ને અશુભભાવ અનુક્રમે ઉત્પન્ન થનારા હોવાથી અનિત્ય છે ને વિજ્ઞાનઘન સ્વભાવી ભગવાન આત્મા જ નિત્ય છે. આહાહા! વીતરાગી સંતો તો વીતરાગભાવે જગતના જીવોને આસ્રવો ને આત્માની ભિન્નતા સમજાવે છે કે જેમ કામસેવનમાં વીર્ય છૂટી જતાં તે જ ક્ષણે દારૂણ કામ સંસ્કાર નાશ પામે છે તેને રોકી રાખી શકાતો નથી તેમ કર્મનો ઉદય છૂટી જાય છે તે જ સમયે આસ્રવો નાશ પામી જતા હોવાથી તેઓ અશરણ છે ને સ્વયંરક્ષિત એવો આત્મા જ શરણસહિત છે. વળી ભગવાનની ભક્તિરૂપ શુભ રાગ હો કે ધંધાદિનો અશુભરાગ હો પણ તેઓ આકુળ સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે ને સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ સુખરૂપ છે તથા શુભાશુભ આસ્રવો ભવિષ્યમાં આકુળતા ઉત્પન્ન કરનારા હોવાથી દુઃખફળરૂપ છે ને જીવ તો કર્મબંધનનો અહેતુ હોવાથી દુઃખફળ નથી.—આ રીતે આસ્રવો ને આત્માનું ભેદજ્ઞાન કરતાં જેમ જેમ વિજ્ઞાનઘન સ્વભાવમાં એકાગ્ર થતો જાય છે તેમ તેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે; જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા ને આસ્રવોની નિવૃત્તિ સમકાલીન છે.

આત્માનું જ્ઞાન થાય ને આસ્રવોથી નિવર્તે અર્થાત્ આત્મામાં જ્ઞાનની એકાગ્રતા ને પુણ્ય-પાપના દુઃખરૂપ ભાવોથી નિવર્તવું તે બંને સમકાલીન છે ?—બંનેનો એક જ કાળ કઈ રીતે છે ?—એમ શિષ્યનો પ્રશ્ન છે શિષ્ય ત્યાં સુધી તો આવ્યો છે કે પુણ્ય-પાપના આસ્રવોથી નિવર્તવા જેવું છે પણ તેનો પ્રશ્ન એ છે કે આત્મજ્ઞાન થવાનો ને આસ્રવોથી નિવર્તવાનો એક કાળ કઈ રીતે છે ? તેને અહીં ઉત્તરરૂપે કહેવામાં આવે છે—

આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન અનિત્ય છે,
એ દુઃખ, દુઃખફળ જાણીને એનાથી જીવ પાછો વળે. ૭૪.

## વધ્ય ઘાતક સ્વભાવપણું

વૃક્ષ અને લાખની જેમ વધ્ય-ઘાતકસ્વભાવપણું હોવાથી એટલે કે વૃક્ષ છે તે વધ થવા લાયક છે ને લાખ છે તે ઘાતક છે. પીપળના ઝાડમાં લાખ થાય છે એ લાખ ઘાતક છે ને ઝાડ ઘાત થવા લાયક છે. તેમ શુભાશુભભાવ ઘાતક-ઘાત કરનારા છે ને ભગવાન આત્માની અવસ્થા ઘાત થવા લાયક છે. જેમ લાખ વૃક્ષ સાથે બંધાયેલ છે છતાં વૃક્ષનો

જલ-પય જ્યોં જિય-તન મેલા, પૈ ભિન્ન ભિન્ન નહિં ભેલા;
તો પ્રગટ જુદે ધન-ધામા, ક્યોં હૈ ઇક મિલિ સુત-રામા. ૭. –શ્રી છઢાળા

સ્વભાવ નથી તેમ ભગવાન આત્માની સાથે પુણ્ય-પાપના ભાવ નિબદ્ધ છે, સંબંધવાળા છે, બંધાયેલા છે પણ તે આત્માનો સ્વભાવ નથી.

ભગવાન આત્મા આનંદનો નાથ શુદ્ધ આનંદકંદ વસ્તુ છે, તેની વર્તમાન પર્યાયમાં જે પુણ્ય-પાપના ભાવ છે તે વસ્તુનો સ્વભાવ નથી પણ તેઓ નિબદ્ધ છે, જીવ સાથે બંધાયેલો છે. પરંતુ અવિરુદ્ધ સ્વભાવપણાનો અભાવ હોવાથી એટલે કે જ્ઞાન-દર્શન-આનંદ આદિ આત્માનો અવિરુદ્ધ સ્વભાવ છે ને પુણ્ય-પાપના ભાવમાં એ અવિરુદ્ધ સ્વભાવનો અભાવ છે.

શુભાશુભભાવ જીવની વર્તમાન નિર્મળ પર્યાયનો ઘાત કરનારા છે. એ શુભભાવને લાભદાયક માને તો એ મિથ્યાત્વ છે. વૃક્ષ ને લાખની જેમ પુણ્ય-પાપના ભાવમાં જીવના અવિરુદ્ધ સ્વભાવનો અભાવ હોવાથી એ શુભાશુભભાવ તે જીવ જ નથી. જેમ લાખ છે તે પીપળ આદિ વૃક્ષ નથી, તેમ પુણ્ય-પાપના પરિણામ તે જીવ નથી.

પરની હિંસા કે દયા પાળી શકતો નથી પણ સ્વભાવથી જે વિરુદ્ધ છે એવા શુભાશુભભાવને પોતાના માની પોતાની હિંસા કરે છે. કેમકે ભગવાન આત્માને જે જ્ઞાન-આનંદ-શાંતિ આદિ સાથે અવિરુદ્ધસ્વભાવપણું છે તેનો શુભાશુભભાવમાં અભાવ છે તેથી તે આત્મા જ નથી. લાખ જેમ ઝાડ નથી તેમ શુભ ને અશુભભાવ આત્મા જ નથી. શરીર આદિ તો ક્યાંય રહ્યા પણ શુભ ને અશુભભાવ જીવ જ નથી. તેથી અજીવ છે. કેમકે ભગવાન આત્માના અવિરુદ્ધ સ્વભાવભાવનો શુભાશુભમાં અભાવ છે. ભગવાનની ભક્તિનો ભાવ તે શુભભાવ છે. શુભભાવ છે તે જીવ નથી.

અરેરે ! ત્રણલોકનો નાથ ભગવાન થઈને પોતે ભીખ માંગે છે કે મને પુણ્ય આપો, મોટાઈ આપો, માન આપો, પૈસા આપો. અહીં કહે છે કે જેમ લાખના નિમિત્તથી પીપળ આદિ વૃક્ષનો નાશ થાય છે માટે લાખ ઘાતક છે ને વૃક્ષ હણાવા યોગ્ય છે, તેથી લાખ અને વૃક્ષનો સ્વભાવ એકબીજાથી વિરુદ્ધ છે, માટે લાખ પોતે વૃક્ષ નથી. તેવી રીતે દયા-દાન-વ્રત આદિનો વિકલ્પ છે તે આસ્રવ છે. એ લાખની માફક ઘાતક છે ને આત્મા વધ્ય છે એટલે કે આત્માની પર્યાય ઘાત થવા લાયક છે. પુણ્ય-પાપનો ભાવ થતાં શાંતિની પર્યાય થવા ન દીધી તેથી પુણ્ય-પાપનો ભાવ ઘાતક ને જીવની નિર્મળ પર્યાય ઘાત થવા લાયક છે. આ રીતે પુણ્ય-પાપનો સ્વભાવ જીવથી વિરુદ્ધ સ્વભાવ હોવાથી આસ્રવો પોતે જીવ જ નથી. (ક્રમશઃ) ❋

**પલ રુધિર રાધ મલ થૈલી, કીકસ વસાદિતૈં મૈલી;**
**નવ દ્વાર બહૈં ઘિનકારી, અસ દેહ કરૈ કિમ યારી? ૮. –શ્રી છઢાળા**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૬, ગાથા ૮)

## સ્વ-પરના ભેદવિજ્ઞાનના અભાવે દુઃખી
## સ્વ-પર ભેદવિજ્ઞાનના સદ્‌ભાવે સુખી

આ ઈષ્ટોપદેશ છે. સત્ય સ્વરૂપ શું છે ? ને અસત્ય સ્વરૂપે માનતા જીવ મોહથી કેમ દુઃખી થાય છે તેની વ્યાખ્યા આ ગાથામાં કહે છે.

આ શરીર પરદ્રવ્ય છે. ક્યારે પરદ્રવ્ય છે ?—કે અત્યારે જ આ શરીર પરદ્રવ્ય છે. શરીરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સર્વથા અન્ય પ્રકારે છે. આ શરીર જડ રજકણ માટી છે, અજીવતત્ત્વ છે, તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આત્માથી સર્વ પ્રકારે અન્યસ્વભાવી છે. આ શરીર ઘણા રજકણોનો સમૂહ છે. એક એક રજકણનું દ્રવ્ય આત્માથી અન્ય છે, તેનું ક્ષેત્ર અન્ય છે, તેની દશા અન્ય છે ને તેના ગુણ પણ અન્ય છે. છતાં મૂઢ અજ્ઞાની એને મારું માનીને, રક્ષણ કરું, એ ઠીક હોય તો મને ઠીક, એમ મિથ્યાદૃષ્ટિથી પાખંડ ભાવ કરીને અનાદિથી દુઃખી થતો ચાર ગતિમાં રખડી રહ્યો છે.

આ આત્માનો સ્વભાવ આનંદ ને જ્ઞાન, ક્ષેત્ર આત્મામાં, એની દશા વર્તમાન પર્યાયમાં, એના ત્રિકાળ ગુણ પોતામાં છે. પરંતુ પોતે કોણ છે એના ભાન વિના આ શરીરના ને ઘરના મોહે, એ મારું છે, મારી જાતનું છે એમ માનીને અનાદિથી પોતાના વસ્તુસ્વભાવને ભૂલીને પોતે મોહની જાળમાં ફસાઈ ગયો છે. એવી રીતે લક્ષ્મી, એ લક્ષ્મીનું દ્રવ્ય-ક્ષેત્ર-અવસ્થા-શક્તિ બધુ આત્માના સ્વભાવથી અન્યસ્વભાવે છે. પરંતુ મૂઢ જીવ એ લક્ષ્મી મારી, મેં તેને રાખી, લક્ષ્મી જતી રહે તો હાય ! હાય !—એમ પરદ્રવ્યને સ્વદ્રવ્ય માનીને પરમાં હિતબુદ્ધિએ રખડી રહ્યો છે.

આહાહા ! એને ખબર નથી કે શું સ્વ છે ને શું પર છે ? પોતાના સિવાય જેટલા પદાર્થોના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સર્વથા અનેરા સ્વભાવી છે તે ઠીક હોય તો એને અંદર જરી પણ ઉલ્લાસ આવે અને તે અઠીક હોય તો અંદર અણગમો આવે તો એ મોહ-મિથ્યાત્વભાવ કરીને પરને પોતાના માનીને મહા અધર્મ-પાપ ઉત્પન્ન કરે છે ને એ પાપભાવને સેવીને વધુ દુર્ગતિએ જાય એવું કરી રહ્યો છે.

**જો યોગનકી ચપલાઈ, તાતૈ હૈ આસ્રવ ભાઈ;**
**આસ્રવ દુખકાર ઘનેરે, બુધિવંત તિન્હૈ નિરવેરે. ૯. –શ્રી છઢાળા**

લક્ષ્મી તો ધૂળ છે. એ ક્યા તારી ચીજ છે ? એ કાંઈ તારે લઈને આવી છે ? કમાવાનો રાગ એણે કર્યો પણ એ લક્ષ્મી તો એને કારણે આવી જ નથી. રાગને કારણે આવી જ નથી. રાગનો ભાવ તારામાં ને એની અવસ્થાને એનો ભાવ એનામાં. પર વસ્તુને ને સ્વને તદ્દન ભિન્નતા હોવા છતાં એમ ન માનતા બંને એક માનીને મિથ્યાબુદ્ધિ, અસત્યબુદ્ધિ, પાપબુદ્ધિ વડે નવા પાપને ઉત્પન્ન કરે છે અને માને એમ કે અમે ઠીક કરીએ છીએ !

સ્ત્રી ! સ્ત્રીનો આત્મા ને તેનું શરીર અન્ય સ્વભાવી છે. આ આત્માનો સ્વભાવ અહીં ને સ્ત્રીના આત્માનો સ્વભાવ એના આત્મામાં ને શરીરનો સ્વભાવ શરીરમાં, તદ્દન ભિન્ન ભિન્ન ! છતાં આ સ્ત્રી મને સુખ આપે છે, પ્રતિકૂળ હોય તો દુઃખ આપે છે એમ મૂઢ મિથ્યાદષ્ટિ મિથ્યા માન્યતાથી ભ્રમણા ઊભી કરીને નવા પાપ બાંધે છે. સ્ત્રી પર પદાર્થ છે કે સ્વપદાર્થ છે ? સ્ત્રીનો આત્મા ક્યાંકથી આવ્યો ને ક્યાંક ચાલ્યો જશે. તારે લઈને આવ્યો નથી ને તારે લઈને જશે નહીં. મફતનો મૂઢ સ્ત્રીમાં-પરદ્રવ્યમાં પોતાપણું માનીને અસત્યબુદ્ધિ સેવીને નવી પ્રતિકૂળતા ઊભી કરે છે.

કોનો છોકરો ને કોનો બાપ ! છોકરાના આત્માને એણે ઉપજાવ્યો છે ? એના શરીરને એણે ઉપજાવ્યું છે ?—શરીર તો જડ છે, આત્મા જડને ઉપજાવે ? જનક એટલે શું ? એ તો નિમિત્ત તરીકે બોલાય છે.

સાહેબ ! એટલા ઊંડા અમારે ઊતરવાનું શું કામ છે ?

ઠીક ! ઊંડા ન ઊતરવું હોય તો ભલે સંસારમાં ઊંડો રખડે ! અહીં તો સ્વ ને પરદ્રવ્ય વચ્ચેના વિવેકની વાત કરે છે. જેને સ્વ ને પરની ભિન્નતાનો વિવેક ભાસતો નથી તે પરને પોતા સમાન અથવા પોતે એ જ છે એમ માની હેરાન થઈને ચાર ગતિમાં અનંતકાળથી રખડી રહ્યો છે.

પુત્ર જુદો, એનો આત્મા જુદો, એના કર્મ જુદા, એનું શરીર જુદું, તો એ તારો ક્યાંથી થઈ ગયો ? આહાહા ! ભ્રમણા તે કેવી ભ્રમણા ? એક મણમાં આઠ પાંચ શેરીની ભૂલ ! બીજા જીવ ને અજીવ જગતના અનંતા તત્ત્વો છે, જગતમાં હોવાવાળો પદાર્થ છે, ત્યાં એ તારો ક્યાંથી થઈ ગયો ?

મિત્ર; મારો વ્હાલો મિત્ર ! પણ વાતમાં કાંઈ માલ ન મળે; તું કોઈક તે કોઈક, મફતનો હેરાન થઈ રહ્યો છે. મિત્રનો આત્મા પરવસ્તુ છે, એનું શરીર પરવસ્તુ છે, એ

**જિન પુણ્ય-પાપ નહિં કીના, આતમ-અનુભવ ચિત દીના;**
**તિનહી વિધિ આવત રોકે, સંવર લહિ સુખ અવલોકે. ૧૦. –શ્રી છઢાળા**

તારા કારણે ને તારા ભાવે બિલકુલ રહેલાં નથી.

એવી રીતે શત્રુ. જગતમાં શત્રુ કોણ છે ? બીજાને પ્રતિકૂળ માનીને શત્રુ માને છે પણ એના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા છે, એ કાંઈ તને હેરાન કરતા નથી ને હિત પણ કરતા નથી. કોઈ પરદ્રવ્ય તને હેરાન કરતા નથી કે તારું હિત પણ કરતા નથી. તારા જ્ઞાનાનંદસ્વભાવને ભૂલીને આ પરદ્રવ્ય મને નુકસાન કરે ને આ પરદ્રવ્ય મને લાભ કરે એવી માન્યતાથી ભ્રમણાને ઘૂંટીને તું હેરાન થઈ રહ્યો છે. અસત્યને-ભ્રમણાને ઘૂંટી રહ્યો હોવાથી એના ફળમાં ચાર ગતિમાં અનંતકાળથી રખડી રહ્યો છો.

શરીર, ઘર, ધન, સ્ત્રી, પુત્ર-મિત્ર, શત્રુ બધા અન્ય સ્વભાવી છે, આત્માથી બિલકુલ જુદા છે. પરંતુ મફતની મમતા કરે છે. મૂઢ પ્રાણી મોહની જાળમાં ફસાઈને શરીરાદિને પોતાના માની રહ્યો છે. શરીર ને હું એક છીએ. પણ બાપુ ! શરીર ને તું એક નથી. તું તો અનંતકાળનો છો ને શરીર તો પાંચ-પચ્ચીસ વર્ષથી નવું આવેલું છે. એ ક્યાં તારું છું ? અરેરે ! આત્મા કોણ ને પરદ્રવ્ય કોણ ? એની ખબર વિના પરદ્રવ્યને પોતાના માનીને મૂઢ થઈને મોટા દુઃખને વરી રહ્યો છે.

આત્મા સ્વ અને શરીર-સ્ત્રી-કુટુંબ આદિ પર, એમ બેની જુદાઈના વિવેકજ્ઞાન રહિત અજ્ઞાની મૂઢ જીવ શરીરાદિને આત્મા અથવા આત્માનું સ્વરૂપ સમજી રહ્યો છે. સમ્યગ્દષ્ટિ રાજપાટમાં પડ્યો હોય, લાખો સ્ત્રી હોય છતાં પરદ્રવ્યમાં એક અંશે પણ મારાપણું માનતો નથી. હું તો જ્ઞાનાનંદ છું, ફક્ત મારી આસક્તિનો રાગ છે એ મારી કમજોરીનું પાપ છે. પરંતુ એ ચીજને લઈને મને સુખ છે કે એ ચીજ મારી છે એમ સમ્યગ્દષ્ટિ ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં પણ માનતો નથી. મારા આત્મા સિવાય રાગ પણ મારો નથી તો બીજી ચીજ તો મારી છે જ નહીં—એમ ધર્મી માને છે. સમ્યગ્દષ્ટિ ધર્મી જીવ સ્ત્રીને દેખીને સુખ માનતો નથી કે શત્રુને દેખીને દુઃખ માનતો નથી.

પરદ્રવ્ય દુઃખદાયક કે સુખદાયક હોઈ શકે નહીં. તારી ઊંધી માન્યતા તને દુઃખદાયક છે ને શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ આત્માનું ભાન તને સુખદાયક છે, એ સિવાય કોઈપણ પદાર્થ તને સુખદાયક દુઃખદાયક છે જ નહીં.

પોતે જ્ઞાનાનંદ સ્વરૂપ છે પણ પોતાને પોતાની હયાતીનું ભાન નથી તેથી હયાતીવાળા પર પદાર્થથી સુખદુઃખની કલ્પના વડે મિથ્યા ભ્રમણા કરે છે. તેથી ભ્રમણાના

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૧ ઉપર)

**નિજ કાલ પાય વિધિ ઝરના, તાસોં નિજ કાજ ન સરના;**
**તપ કરિ જો કર્મ ખિપાવૈ, સોઈ શિવસુખ દરસાવૈ. ૧૧.** –શ્રી છઢાળા



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

અહીં કહે છે કે વારંવાર નિજ સ્વરૂપમાં રહેજે, બાળક પણ વારંવાર કહેવડાવે નહિ. તું તો અનંત જ્ઞાનનો ધણી છો, શરીર, મન, વાણીથી જુદો છો. તું પોતાને ભૂલી આવી આવી ભૂલ કરે છે, તેથી અચરજ આવે છે. તને તારી ખબર પડી નહીં, તેથી અચરજ આવે છે. હવે આત્માને કાંઈક જો.

આ શરીર જડ છે, તેનાથી લાભ-નુકસાન છે એ માન્યતા મોટું પાખંડ છે. તેં આત્મા સાંભળ્યો નથી, જાણ્યો નથી, અનુભવ્યો નથી. તારા ચિદાનંદમાં ખામી પડી છે. જડને પોતાનું માનવું છોડ. શરીર જુદું છે, તો પછી શરીરનાં સગાવહાલાં, બૈરા-છોકરાં તો તદ્દન જુદાં છે, ''દૃષ્ટિએ દોલત છે'' ચિદાનંદ આત્માની શ્રદ્ધા કરવાથી પોતાની અંતર-દોલત પ્રગટે છે.

''શરીર મારું નથી'' એમ કોઈ ઓઘે ઓઘે કહે, પણ હું આત્મા છું તો શરીર ચાલે, વાણી બોલાય—એમ માનનાર શરીરને પોતાનું જ માને છે. આત્મા હોય તોપણ ઘણીવાર શરીર ચાલતું દેખાતું નથી. સંધિવા વગેરે વખતે જીવની ઈચ્છા હોવા છતાં શરીરની ચાલવાની ક્રિયા થતી નથી, કારણ કે શરીરની દશા સ્વતંત્ર છે.

અજ્ઞાની માને છે કે આત્મા પ્રેરક થઈને શરીરને ચલાવે છે, તે મૂઢતા છે. પરમાણુ દ્રવ્ય છે ને દ્રવ્યનું લક્ષણ સત્ છે. તે સત્ ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત છે. નવી અવસ્થારૂપે ઊપજે છે, પૂર્વ અવસ્થારૂપે નાશ પામે છે ને ગુણોરૂપે ધ્રુવ રહે છે. આમ દરેક દ્રવ્ય સ્વતંત્ર છે એમ સમજવું જોઈએ.

તું એકવાર સાંભળ. તું જ્ઞાનાનંદ છો, પુરુષ, સ્ત્રી કે નપુંસક કે દેવ તું નથી. પુણ્ય-પાપ પર્યાયમાં થાય છે તે મૂળ ચીજ નથી. પોતે અવિનાશીપદરૂપ છે—આમ સમજે તો પોતાના પદમાં અવિનાશી પુરીનો રાજા થાય. પોતાનું જ્ઞાન થતાં પૂર્ણદશા થતાં અવિનાશીપદની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનનો અપાર મહિમા છે. એવી શક્તિ ગુપ્ત છે, તે

**કિનહૂ ન કરૌ, ન ધરૈ કો, ષડ્દ્રવ્યમયી ન હરૈ કો;**
**સો લોકમાંહિ બિન સમતા, દુખ સહૈ જીવ નિત ભ્રમતા. ૧૨. –શ્રી છઢાળા**

પ્રગટ કરવાની પ્રતીતિ કર. પરને પોતાનું માની દુઃખ પામે છે. કોઈ મડદાને વસ્ત્ર, આભૂષણ પહેરાવે ને માને કે મેં પહેર્યાં છે. મફતનો જૂઠું માને છે. શરીરને સ્નાન વગેરે કરાવ્યું પણ તે તો શરીરની અવસ્થા છે, છતાં તે અવસ્થા મેં કરી એમ માને છે. સ્ત્રી, વિષય, લાડવા, દાળ, ભાતને ભોગવી માને છે કે મેં ભોગવ્યા. એમ જડની ક્રિયાને પોતાની માને છે એ મૂઢતા છે.

જેમ સર્પ કોઈને કરડે ને કોઈ બીજાને ઝેર ચડે એમ બને નહીં. લાડવા, દાળ, ભાત વગેરે શરીર ખાય છે, પણ આત્મા ખાતો નથી. તારામાં એક પરમાણુ લેવાની તાકાત નથી. દરેક રજકણ તેની તાકાતથી આવે છે ને જાય છે, છતાં મેં ખાધુ—એમ માન્યું, જડ શરીર કપડાં પહેરે છે છતાં મેં પહેર્યા—એમ માને છે એ અજ્ઞાન છે.

“બગાસુ ખાધું, ધક્કો ખાધો, ઠપકો ખાધો” એમ કહે છે તો ત્યાં શું ખાધું ? એ બધી ભાષા છે તે અમુક જડની ક્રિયાસૂચક વાક્યો છે. અહીં જડે કપડાં પહેર્યાં છતાં મેં પહેર્યા એમ માને છે હું ખાઉં છું—એમ માનનારે આત્મા માન્યો નથી. શરીર ઉપર કપડાં ને દાગીના નાખ્યાં ને માને કે મેં પહેર્યાં તે ભ્રમણા છે. જડનો પર્યાય સ્વયંસિદ્ધ તેના કારણે થાય છે, છતાં મારાથી થાય છે એમ માનવું તે અજ્ઞાન છે. શરીર ઉપર પાણી પડે ત્યારે માને કે મેં સ્નાન કર્યું, હું જડને સ્પર્શું છું—એમ માને છે. પુદ્‌ગલમાં સ્પર્શગુણ છે, આત્મા અસ્પર્શી છે. શરીરને અત્તરાદિ ચોળે ત્યારે પોતે તે કાર્ય કર્યું એમ માને છે. તેને જીવ ને અજીવની ભિન્નતાની ખબર નથી. શુદ્ધ આહાર જડ છે, પર છે, તેનાથી આત્મશુદ્ધિ થતી નથી. જડના પરિણામથી આત્માના પરિણામ સુધરે એમ માનવું તે અજ્ઞાન છે. નિર્દોષ આહાર મળે તો આત્માના પરિણામ સુધરે એમ માનવું તે અજ્ઞાન છે. આત્મા જડ આહારને લઈ શકતો નથી. છતાં મેં ખાધું એમ માને છે આ શરીર જડ છે. આત્મા અરૂપી ચૈતન્ય છે, તે ક્રિયા વખતે જીવે રાગનો અનુભવ કર્યો છે, પણ જડની ક્રિયાનો અનુભવ કર્યો નથી. જેણે જડ અને જીવને જુદા જાણ્યા નથી તેને ધર્મ થતો નથી. જ્ઞાનાનંદ સ્વભાવને ચૂકીને રાગનો ભોગ અજ્ઞાની કરે છે પણ જડનો ભોગ તો તે પણ લઈ શકતો નથી.

અજ્ઞાની જડ તથા ચૈતન્યને એક મનાવે છે, પૈસાથી ધર્મ મનાવે છે. પૈસા મેં આપ્યા તે માન્યતા અધર્મ છે. જડની ક્રિયા આત્માથી થઈ એમ માનવું તે મિથ્યાત્વ છે.

**અંતિમ ગ્રીવકલૌંકી હદ, પાયો અનંત વિરિયાં પદ;**
**પર સમ્યગ્જ્ઞાન ન લાધૌ; દુર્લભ નિજમેં મુનિ સાધૌ. ૧૩.** —શ્રી છઢાળા

લક્ષ્મીથી પુણ્ય નથી ને ધર્મ પણ નથી, તૃષ્ણા મંદ કરે તો પુણ્ય થાય છે પણ ધર્મ થતો નથી. એક પરમાણુ કોઈ આપી શકે કે ફેરવી શકે તે માન્યતા અજ્ઞાનીની છે. પૈસા રૂપી છે, આત્મા અરૂપી છે, છતાં અજ્ઞાની પોતાને લક્ષ્મી આદિનો સ્વામી માને છે.

જેમ રાજા કિંકરનો સ્વામી છે છતાં એ કિંકર ભોજનથી તૃપ્ત થવાથી રાજા એમ કહેતો નથી કે 'હું ધરાયો' તારી આવી ચાલ તને જ દુઃખદાયક છે. જડની ક્રિયા થાય ત્યાં માને કે આ પૈસા મેં આપ્યા, મેં લાડવા ખાધા, મેં કપડાં પહેર્યાં, મેં ભોગ ભોગવ્યા—એમ માની જડનો સ્વામી થાય છે. જડ ને ચેતન જુદા છે એવું ભાન નથી તેને પરનું અભિમાન થયા વિના રહે નહીં. પરની અવસ્થાથી મારી અવસ્થા થઈ એમ માને છે. આત્મા વિના વાણી નીકળે ? એમ પ્રશ્ન કરે છે. વાણી પુદ્ગલ છે, તે આત્માની નથી. તું જો, તારી આવી ચાલ તને જ દુઃખદાયક છે.

પ્રશ્ન :—અત્યારે તો દુઃખદાયક દેખાતી નથી.

સમાધાન :—હરખ સન્નિપાતવાળો હસતો દેખાય છે પણ તે દુઃખી છે. તેમ પૈસા, બૈરાં—છોકરાંથી પોતે સુખી નથી છતાં હરખ માને છે તે મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રનો ત્રિદોષ (સન્નિપાત) છે. રાજા દુઃખી છે, રંક દુઃખી છે ને ત્યાગી નામ ધરાવી શરીરની ક્રિયા મારાથી થાય ને મહાવ્રતના પરિણામથી લાભ થાય તેમ માનતો હોય તો તે પણ દુઃખી છે. મિથ્યાત્વથી દુઃખી છે. રાગ, વિકલ્પ કે દયા-દાનાદિભાવ આસ્રવ છે—ઝેર છે, દુઃખદાયક છે, તેને સુખદાયક માને છે તેથી દુઃખી છે.

જો વસ્તુ સુંદર હોય તોપણ તેને ઉપરથી જ અંગીકાર ન કરવી. શરીર માટી છે, અપવિત્ર છે, કાન, નાક, આંખ વગેરે નવ દ્વાર દ્વારા મેલ નીકળે છે. જે દેખતાં જ ગ્લાનિરૂપ છે. અંદર સુંદર હોય તો બહારમાં બૂરું કેમ પડ્યું છે ? અજ્ઞાનીને ભાન નથી. શરીર બહાર ને અંદર ખરાબ છે, નહાતી વખતે પણ પરસેવો નીકળે છે, માટે શરીર અશુચિમય છે. તેની કોઈ અવસ્થા તારાથી નથી ને તેનાથી પણ તને સુખ નથી. વળી શરીર મળમૂત્રની ખાણ છે. માટે તેની રુચિ છોડી, જ્ઞાનાનંદ સ્વભાવની રુચિ કર. આત્માને ચૂકી શરીરમાં સ્નેહ કરીને જન્મ-મરણમાં રખડો છો. તમારી પાછળ જન્મ-મરણ લાગી રહ્યાં છે. શરીર જન્મતાં હું જન્મ્યો, શરીર મરતાં હું મર્યો—એમ અજ્ઞાની માને છે—એમ અનાદિથી જન્માદિનાં દુઃખ સહ્યાં છે.

**જો ભાવ મોહતૈ ન્યારે, દગ-જ્ઞાન-વ્રતાદિક સારે;**
**સો ધર્મ જબૈ જિય ધારૈ, તબ હી સુખ અચલ નિહારૈ. ૧૪.** —શ્રી છઢાળા

મોટા પુરુષની રીત છે કે તેથી સાથે જે હોય તેને તે ન છોડે. તેવી રીતનો ભાવ તેં કર્યો છે. અનાદિકાળનું શરીર મારું માન્યું તેને કેમ છોડ્યું જાય? શરીર, મન, વાણીને કેમ જુદાં કરાય? આમ મહંત થઈશ નહીં. શરીર, મન, વાણીની ક્રિયા મારી છે એવી મિથ્યા માન્યતારૂપી પાપ છોડો તો મહંત થવાય.

શરીર તો પાપનું રૂપ છે, આત્મા જ્ઞાનાનંદ પવિત્ર છે. શરીરને પવિત્ર માની પોતાની પવિત્રતા ચૂકી ગયો છે, માટે તમે ધર્મના અંગને સમજો. શરીર અનંત ગયાં, તેને મારાં માની પકડી રહ્યાં છો. શરીર, મન, વાણી પરનું ધન છે. પરને લેવાની બુદ્ધિ મિથ્યાભ્રાંતિ છે. તેને છોડતો નથી તેથી અનંતકાળ દુઃખી થયો. પર-પરિગ્રહની આદત છોડતો નથી. પોતે ચૈતન્ય ભિન્ન છે, તેની શ્રદ્ધા કરતો નથી.

હે આત્મા! તારી શાહુકારી તારા જ્ઞાન ને આનંદમાં છે. હું દેવ થયો, પૈસાવાળો થયો, ઘણા નોકરોનો સ્વામી થયો—એમ પરનો સ્વામી થયો તે ચોરી છે. નિજધન જ્ઞાન છે તેને ઓળખો.

લક્ષ્મી વગેરે ચીજો તેના કારણે આવે છે ને જાય છે છતાં ગાંડો જીવ માને કે મારે લીધે તે ચીજો આવે ને જાય છે.

"શરીરે સુખી તો સુખી સર્વ વાતે," એમ અજ્ઞાની માને છે ને તેવા મનાવનાર પણ હોય છે તે બધું અજ્ઞાન છે. જ્ઞાનાનંદ હું છું, વિકાર કૃત્રિમ છે, શરીર પર છે—એવા વિવેકને ગ્રહો તો શાહપદ પામશો. શરીરનો એક રજકણ સાથે આવે એમ નથી. પોતાનું ધન પોતાની પાસે છે. શરીર તે શરીર છે, મન, વાણી, કપડાં, દાગીનાં જડ છે, હું ચૈતન્ય છું એવો વિશ્વાસ કર. દયા-દાનાદિની વૃત્તિ થાય તો સમજ કે તે વિકાર છે. હું જ્ઞાનમૂર્તિ છું, એવી મારી જાત છે. આત્મધનને ગ્રહણ કરો, પરના મમત્વને સ્વપ્નમાં પણ ન કરો.

જીવ અનંતવાર દ્રવ્યલિંગી મુનિ થયો, મહાવ્રત પાળ્યાં, પણ આત્માની વાત સાંભળી નથી. આત્મા જ્ઞાનાનંદમૂર્તિને જાણ્યા વિના બધું ઉકરડા ઉથામવા સમાન છે.

પરવસ્તુને પોતાની માનવાથી સ્વપ્નાંતરે પણ સુખ નથી. સ્વપ્નું આવે ત્યારે હું ચિદાનંદ છું, શરીર નહીં, રાગ નહીં—એવી શ્રદ્ધા કરો. તારી ખોટી ચાલને છોડ, તું દરિદ્ર નથી. આત્મા આનંદકંદ, સિદ્ધસ્વરૂપી, દેહ ડાબલીમાં બિરાજે છે, તે શ્રદ્ધા, જ્ઞાન, રમણતા આદિ અનંત ગુણોનું નિધાન છે, દરિદ્રી નથી. આત્માની ઓળખાણ કરે તે શ્રેષ્ઠ છે. મારી પાસે કાંઈ નથી એમ માની અજ્ઞાની માગણ થઈ રહ્યો છે, માટે કહે છે કે તું દરિદ્રી નથી, તું નિધાનવાળો છે. એવી પીછાન વગર દરિદ્રી માની બેઠો છો. જે દરિદ્રી હોય તે એવા કામ કરે. (ક્રમશઃ) ❊

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો?

## ધર્મ સાધન

ધર્મ માટે મુખ્યત્વે બે વસ્તુની જરૂર છે.

(૧) ક્ષેત્રવિશુદ્ધિ (૨) યથાર્થ બીજ.

(૧) ક્ષેત્રવિશુદ્ધિ :—સંસારના અશુભ નિમિત્તો પ્રત્યેની આસક્તિમાં મંદતા, બ્રહ્મચર્યનો રંગ, કષાયની મંદતા, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેની ભક્તિ, સત્‌ની રુચિ આદિનું હોવું તે ક્ષેત્રવિશુદ્ધિ છે. તે પ્રથમ હોય જ.

પણ માત્ર ક્ષેત્રવિશુદ્ધિથી ધર્મ થઈ જતો નથી. ક્ષેત્રવિશુદ્ધિ તો દરેક જીવે અનેકવાર કરી. ક્ષેત્રવિશુદ્ધિ તે (ભાન સહિત હોય તો) બાહ્ય સાધન છે, વ્યવહાર સાધન છે.

પ્રથમ ક્ષેત્રવિશુદ્ધિ વગર કદી ધર્મ થાય નહીં, પણ ક્ષેત્રવિશુદ્ધિ હોય અને યથાર્થ બીજ ન હોય તો પણ ધર્મ થઈ શકતો નથી.

(૨) યથાર્થ બીજ :—'મારો સ્વભાવ નિરપેક્ષ, બંધ-મોક્ષના ભેદ રહિત, સ્વતંત્ર, પર નિમિત્તના આશ્રય રહિત છે. સ્વાશ્રય સ્વભાવના જોરે જ મારી શુદ્ધતા પ્રગટે છે' એમ અખંડ નિરપેક્ષ સ્વભાવની નિશ્ચય શ્રદ્ધા કરવી તે યથાર્થ બીજ છે. તે જ અંતર સાધન અર્થાત્ નિશ્ચય સાધન છે.

જીવે અનાદિકાળમાં કદી સ્વભાવની નિશ્ચય શ્રદ્ધા કરી નથી, તે શ્રદ્ધા વિના બાહ્ય સાધન અનેકવાર કર્યા છતાં ધર્મ થયો નથી.

તેથી ધર્મમાં મુખ્ય સાધન તે યથાર્થ શ્રદ્ધા છે, અને યથાર્થ શ્રદ્ધા હોય ત્યાં બાહ્ય સાધન સહજ હોય છે. યથાર્થ શ્રદ્ધા વગરના બાહ્ય સાધનથી કદી ધર્મ નથી.

તેથી દરેક જીવનું પ્રથમ કર્તવ્ય આત્માના સ્વરૂપની યથાર્થ શ્રદ્ધા કરવી તે જ છે. અનંતકાળે દુર્લભ મનુષ્ય દેહ, તેમાં ઉત્તમ જૈનધર્મ અને સત્ સમાગમનો જોગ, આટલું મળ્યા છતાં જો સ્વભાવના જોરે સત્‌ની શ્રદ્ધા ન કરી તો ચોરાશીના જન્મ-મરણમાં ફરી આવો ઉત્તમ મનુષ્ય દેહ મળવો દુર્લભ છે.

**સો ધર્મ મુનિનકરિ ધરિયે, તિનકી કરતૂતિ ઉચરિયે;**
**તાકોં સુનિયે ભવિ પ્રાની, અપની અનુભૂતિ પિછાની. ૧૫.** —શ્રી છઢાળા

આચાર્ય મહારાજ કહે છે કે, એકવાર સ્વાશ્રયની શ્રદ્ધા લાવી હા પાડ કે, 'મારા સ્વભાવને પરનો આશ્રય નથી.' જો તે સ્વાશ્રયની શ્રદ્ધા કરી તો તારી મુક્તિ જ છે. બધા આત્મા પ્રભુ છે. જેણે પોતાની પ્રભુતા માની તે પ્રભુ થઈ ગયા.

આ રીતે દરેક જીવનું પ્રથમમાં પ્રથમ કર્તવ્ય સત્સમાગમે સ્વભાવની યથાર્થ શ્રદ્ધા (સમ્યગ્દર્શન) કરવાનું જ છે. ધર્મનું (મુક્તિનું) નિશ્ચયથી પ્રથમ સાધન તે જ છે....

## નિશ્ચય શ્રદ્ધા–જ્ઞાન કેમ પ્રગટે ?

દયા પાળવાના પરિણામવાળા ઘણાં જીવો હોય, છતાં તેઓ શાસ્ત્રના સાચા અર્થ સમજી શકતા નથી; માટે દયારૂપ પરિણામ તે શાસ્ત્ર સમજવાનું કારણ નથી. તેવી જ રીતે મૌન, સત્ય બોલવું અને બ્રહ્મચર્ય વગેરેના પરિણામ કરે છતાં શાસ્ત્રના આશય સમજી શકતા નથી. એટલે અહીં એમ બતાવ્યું કે આત્માના શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો જ આશ્રય સમ્યગ્જ્ઞાનનો ઉપાય છે; કોઈ મંદ કષાયરૂપ પરિણામ તે સમ્યગ્જ્ઞાનનો ઉપાય નથી.

અત્યારે શુભ પરિણામ કરું પછી સમ્યગ્જ્ઞાનનો ઉપાય થઈ જશે–એ મિથ્યા માન્યતા છે. અનંતવાર શુભપરિણામ કરીને સ્વર્ગમાં જનાર જીવ પણ શાસ્ત્રના તાત્પર્યને સમજી શક્યા નહિ. અને વર્તમાનમાં પણ એવા અનેક જીવો દેખાય છે કે જેને શુભપરિણામ અને મંદ કષાય તથા વ્રત-પડિમા વર્ષો સુધી હોવા છતાં શાસ્ત્રના સાચા અર્થને જાણતા નથી, એટલે કે તેમને જ્ઞાનની વ્યવહાર શુદ્ધિ પણ નથી. હજી જ્ઞાનની વ્યવહારશુદ્ધિ વગર ચારિત્રની વ્યવહાર શુદ્ધિ કરવા મથે છે તે જીવો જ્ઞાનના પુરુષાર્થને સમજ્યા નથી.

તેમજ દયાદિના ભાવરૂપ મંદ કષાયથી જ્ઞાનની વ્યવહારશુદ્ધિ પણ થતી નથી. અને જ્ઞાનની વ્યવહાર શુદ્ધિથી આત્મજ્ઞાન થતું નથી. આત્માના આશ્રયે જ સમ્યગ્જ્ઞાન થાય છે, એ જ ધર્મ છે. એ ધર્મનું ભાન તો ન હોય પણ હજી વ્યવહારજ્ઞાન પણ ચોખ્ખું ન હોય–શાસ્ત્રના સાચા અર્થ પણ ન સમજે તે જીવને સમ્યગ્જ્ઞાન થાય નહીં. દયાદિરૂપ મંદ કષાયના પરિણામથી વ્યવહાર જ્ઞાનની પણ શુદ્ધિ થતી નથી.

બહારની ક્રિયા ઉપર પરિણામનો આધાર નથી. અનેક દ્રવ્યલિંગી મુનિઓ સાથે રહેતા હોય અને બાહ્યક્રિયા તેમને સરખી થતી હોય છતાં એક નવમી ગ્રૈવેયકે જાય અને

**ષટ્કાય જીવ ન હનનતૈં, સબવિધ દરવહિંસા ટરી,**
**રાગાદિ ભાવ નિવારતૈં, હિંસા ન ભાવિત અવતરી;** –શ્રી છઢાળા

બીજા પહેલાં સ્વર્ગે જાય. કારણ કે પરિણામમાં કષાયની મંદતા બાહ્યક્રિયાથી થતી નથી.

હવે અંતરમાં જે શુભપરિણામ કરે તેનાથી વ્યવહારજ્ઞાનની શુદ્ધિ થતી નથી, પણ યથાર્થ જ્ઞાનના અભ્યાસથી જ થાય છે.

જ્ઞાનની વ્યવહારશુદ્ધિથી પણ આત્મસ્વભાવનું સમ્યગ્જ્ઞાન થતું નથી. પણ પોતાના પરમાત્મ સ્વભાવને રાગરહિતપણે અનુભવે ત્યારે જ સમ્યગ્જ્ઞાન થાય છે. સમ્યગ્જ્ઞાનમાં કોઈ પરાશ્રય નથી, સ્વભાવનો જ આશ્રય છે.

વસ્તુ સ્વભાવ જ સ્વતંત્ર છે, ને પરિપૂર્ણ છે, તેને કોઈના આશ્રયની જરૂર નથી. સ્વભાવના જ આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. નવમી ગ્રૈવેયકે જનાર જીવને દેવ-ગુરુ-શાસ્ત્રની યથાર્થ શ્રદ્ધા અગિયાર અંગનું જ્ઞાન—ને પંચમહાવ્રતનું ચોખ્ખું પાલન—એવા પરિણામ હોવા છતાં ચૈતન્ય સ્વભાવની શ્રદ્ધા કરવા માટે તેને તે પરિણામ કામ આવ્યાં નહીં, સ્વભાવના લક્ષપૂર્વક મંદ કષાય હોય ત્યાં પણ મંદકષાયની મુખ્યતા ન રહી. પણ શુદ્ધ સ્વભાવના લક્ષની મુખ્યતા રહી છે. સ્વભાવની શ્રદ્ધાને વ્યવહાર રત્નત્રયની સહાય નથી.

કષાયની મંદતારૂપ આચરણ વડે શ્રદ્ધા-જ્ઞાનનો વ્યવહાર સુધરતો નથી. શાસ્ત્રમાં જડ-ચૈતન્યની સ્વાધીનતા અને ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતા બતાવી છે, એ સમજે નહિ તેને જ્ઞાનનો વ્યવહાર પણ સુધર્યો નથી. ચૈતન્યસ્વભાવનું જ્ઞાન તો વ્યવહારજ્ઞાનથી પણ પાર છે. આત્મજ્ઞાન તે પરમાર્થ જ્ઞાન છે, અને શાસ્ત્રના આશયનું યથાર્થ જ્ઞાન તે જ્ઞાનનો વ્યવહાર છે. જેને જ્ઞાનનો વ્યવહાર પણ ખોટો છે તેને પરમાર્થ જ્ઞાન કેવું ?

બાહ્યક્રિયા તો જ્ઞાનનું કારણ નથી, પણ અંતરમાં વ્યવહાર આચરણના મંદ કષાયરૂપ પરિણામ હોય તે પણ શાસ્ત્રના જ્ઞાનનું કારણ થતાં નથી. અને સ્વભાવનું જ્ઞાન તો શાસ્ત્રજ્ઞાનથી પણ પાર છે. શાસ્ત્રજ્ઞાનના રાગનું અવલંબન તોડીને પરમાત્મ સ્વભાવને અનુભવે છે તે વખતે સમ્યક્શ્રદ્ધા થાય છે. જે સમયે રાગ તોડીને પરમાત્મ સ્વભાવને જાણ્યો તે વખતે તે જીવને પરમાત્મા જ ઉપાદેય છે. આત્મા તો ત્રિકાળ પરમાત્મા જ છે. પણ જ્યારે રાગરહિત થઈને તેને જાણે ત્યારે તે ઉપાદેયરૂપ થાય છે. રાગ વડે તે જણાતો નથી. (ક્રમશઃ)

**જિનકે ન લેશ મૃષા ન જલ મૃણ હૂ વિના દીયો ગહૈં,**
**અઠદશસહસવિધ શીલધર, ચિદ્બ્રહ્મમેં નિત રમિ રહૈં. ૧.** –શ્રી છઢાળા

# જગત પાસેથી કાંઈ લેવું નથી; જગતને કાંઈ દેવું નથી.

હે જીવ ! તું વિચાર કર કે બહારની કઈ વસ્તુ વગર તારે નથી ચાલતું ? તારા સ્વભાવમાં એવી કઈ અધૂરાશ છે કે તારે બીજી વસ્તુની જરૂર પડે ? શું શરીર ન હોય તો તારા જ્ઞાનનું પરિણમન અટકી જાય છે ? શું પૈસા ન હોય તો તારો આત્મા જડ થઈ જાય છે ? શું ઈન્દ્રિયો કે બાહ્ય વિષયો ન હોય તો તારો સુખસ્વભાવ નાશ પામી જાય છે ? નહીં. આત્મા પોતે સદાય ચૈતન્ય પરિણમનથી ભરપૂર ને સુખસ્વભાવથી પરિપૂર્ણ છે. પોતાના જ્ઞાન કે સુખને માટે બીજા કોઈની જરૂર તેને પડતી નથી. જેમ સિદ્ધભગવંતો દેહ વગર, ઈન્દ્રિયો વગર, લક્ષ્મી વગેરે બાહ્ય વિષયો વગર સ્વયમેવ પૂર્ણ જ્ઞાની ને પૂર્ણ સુખી છે, તેમ તારો આત્મા પણ એવા જ જ્ઞાન ને સુખસ્વભાવથી ભરપૂર છે. માટે હે જીવ ! સ્વસન્મુખ થઈને તારા આત્મામાં જ તું સંતુષ્ટ થા, ને બીજાની સ્પૃહા છોડ. જગત પાસેથી મારે કાંઈ લેવું નથી, કેમકે મારે જે જોઈએ છે તે મારામાં ભર્યું જ છે; અને જગતને મારે કાંઈ દેવું નથી. કેમકે જગતની કોઈ વસ્તુ મારી પાસે (મારામાં) નથી કે હું તેને આપું—આમ નિરપેક્ષ થઈને, જગતનો મોહ તજીને, નિજસ્વભાવથી પરિપૂર્ણ એવા તારા આત્માને તું દેખ. તને ઉત્તમ આનંદનો સ્વાનુભવ થશે.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—અજ્ઞાનીને તો નિમિત્ત ખરેખર જ્ઞેય પણ નથી; એમ આપ કહો છો તે કેવી રીતે?**

ઉત્તર :—જ્ઞાન વગર જ્ઞેય કોનું? જેમ લોકાલોક તો સદાય છે, પણ જ્યારે કેવળજ્ઞાન પ્રગટ કર્યું ત્યારે લોકાલોક તેના જ્ઞેય થયા. કેવળજ્ઞાન થયા પહેલાં લોકાલોક તેનું જ્ઞેય ન હતું પણ સ્વાશ્રયે કેવળજ્ઞાન થયું ત્યારે તે તેનું જ્ઞેય થયું. તેમ નીચલી દશામાં પણ ખરેખર તો રાગાદિ અને નિમિત્તો તે જ્ઞાનનું જ્ઞેય જ છે, પણ ખરેખર તેને જ્ઞાનનું જ્ઞેય ક્યારે કહેવાય? કે હું તે રાગ અને નિમિત્તોથી ભિન્ન છું—એમ સ્વસન્મુખ થઈને જો આત્માનું જ્ઞાન પ્રગટ કરે તો તે જ્ઞાન રાગ અને નિમિત્તને પરજ્ઞેય તરીકે યથાર્થ જાણે અને ત્યારે તેને જ્ઞેય કહેવાય. રાગાદિ કે નિમિત્ત તે જ્ઞાનના કર્તા તો નથી પણ અજ્ઞાનીને તો તે ખરેખર જ્ઞાનનું જ્ઞેય પણ નથી, કેમ કે તેનામાં સ્વાશ્રિત જ્ઞાન જ ખીલ્યું નથી, તેનું જ્ઞાન રાગમાં જ એકાકાર થઈ જતું હોવાથી, રાગને જ્ઞેય કરવાની તાકાત તેના જ્ઞાનમાં ખીલી નથી. રાગથી જુદો પડ્યા વગર રાગને જ્ઞેય કરવાની જ્ઞાનની તાકાત ખીલે ત્યારે. રાગ અને નિમિત્તથી ભિન્ન આત્મસ્વભાવને જાણ્યા વગર રાગને રાગ તરીકે અને નિમિત્તને નિમિત્ત તરીકે જાણશે કોણ? જાણનારું જ્ઞાન તો રાગ અને નિમિત્તની રુચિમાં અટકી પડ્યું છે. આત્માની રુચિ તરફ વળ્યા વગર અને રાગ તથા નિમિત્તની રુચિ ટળ્યા વગર નિમિત્તનું અને વ્યવહારનું સાચું જ્ઞાન થાય નહિ. જ્યારે સ્વાશ્રયે જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરીને જ્ઞાનસ્વભાવને જ સ્વજ્ઞેય કર્યો ત્યારે સ્વ-પર પ્રકાશક જ્ઞાન સામર્થ્ય ખીલતાં નિમિત્ત વગેરે પણ તેના વ્યવહાર જ્ઞેય થયાં.

**પ્રશ્ન :—કેવળજ્ઞાનાવરણી કર્મની એવી તાકાત છે કે કેવળજ્ઞાન ન થવા દે? કેવળજ્ઞાનને રોકે છે?**

ઉત્તર :—કર્મ તો આત્માથી ભિન્ન વસ્તુ છે. કેવળજ્ઞાનાવરણીકર્મ કેવળજ્ઞાનને રોકતું નથી. ત્યાં તો કર્મ-પરમાણુના પરિણમનની ઉત્કૃષ્ટ શક્તિ કેટલી છે તે બતાવવા કેવળજ્ઞાનાવરણી કર્મથી કેવળજ્ઞાન થતું નથી તેમ નિમિત્તથી કહ્યું છે પણ કેવળજ્ઞાન કાંઈ તે કર્મના કારણે રોકાતું નથી પણ પોતાની શક્તિના—હીણા પરિણમનરૂપ યોગ્યતાથી પરિણમે છે ત્યારે કર્મને નિમિત્ત કહેવાય છે.

પ્રશ્ન :—અરહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને પહેલાં જાણવાનું કહ્યું છે ને?

ઉત્તર :—એ અરહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયનું લક્ષ છોડીને પોતાને ઓળખે તો ભેદજ્ઞાન થાય અને ત્યારે તેને નિમિત્ત કહેવાય.

પ્રશ્ન :—સમયસારની પહેલી ગાથામાં કહ્યું કે અનંત સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપન કરું છું. પણ અનંત સિદ્ધો તો પરદ્રવ્ય છે ને? તારી પર્યાયમાં અતદ્‌ભાવરૂપ છે ને? તેનું સ્થાપન શી રીતે થશે?

ઉત્તર :—તો કહે છે કે તે અનંતા સિદ્ધો પર્યાયમાં ભલે અતદ્‌ભાવરૂપ હો પણ તે અનંતા સિદ્ધોની પ્રતીત પર્યાયમાં આવી જાય છે, તેથી અનંતા સિદ્ધોનું સ્થાપન કરવાનું કહ્યું છે. જેમ અધ્યવસાનનો ત્યાગ કરાવવા બાહ્યવસ્તુનો ત્યાગ કરાવવામાં આવે છે તેમ પોતાના સિદ્ધસ્વભાવનું પર્યાયમાં સ્થાપન કરાવવા માટે અનંતા સિદ્ધોનું સ્થાપન કરાવવામાં આવ્યું છે. જેમ બાહ્યવસ્તુ અધ્યવસાનનું નિમિત્ત છે તેમ પોતાના સિદ્ધસ્વરૂપનું લક્ષ કરવામાં અનંતા સિદ્ધો નિમિત્ત છે.

પ્રશ્ન :—સમયસાર ગાથા ૧૧મી એ તો જૈનદર્શનના પ્રાણ સમાન છે તેમાં વ્યવહારને અભૂતાર્થ કહ્યો છે–જૂઠો કહ્યો છે, કૃપા કરી એ ગાથાનું સ્પષ્ટીકરણ કરશો.

ઉત્તર :—સમયસાર ગાથા ૧૧મી એ તો જૈનદર્શનના પ્રાણ સમાન છે. તેમાં નિશ્ચય-વ્યવહારનયની વાત કરી છે તેને યથાર્થ જાણવી જોઈએ. રાગ, પર્યાય ને ગુણભેદ, તે વ્યવહારનયનો વિષય છે તે ત્રિકાળી વસ્તુમાં નથી. તેથી વ્યવહારનયને જૂઠો કહીને અભૂતાર્થ કહ્યો છે એટલે પર્યાય છે જ નહિ તેમ સીધો અર્થ થાય છે, પરંતુ તેમ નથી. પર્યાય છે ખરી પણ ત્રિકાળી વસ્તુ તે પર્યાય નથી તેથી પર્યાયની ઉપેક્ષા કરીને ગૌણ કરીને ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકની દૃષ્ટિ કરાવવી છે. કેમ કે ત્રિકાળી દ્રવ્યને મુખ્ય કરીને દ્રવ્યનો અનુભવ કરાવવાનું પ્રયોજન છે. જ્ઞાન તે આત્મા એવો ભેદ પણ દૃષ્ટિના વિષયમાં આવતો નથી. અભેદ દેખનારની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી, સત્યાર્થ દેખનારને અસત્યાર્થ દેખાતો નથી, નિત્ય દેખનારને અનિત્ય દેખાતો નથી, ભૂતાર્થ દેખનારને અભૂતાર્થ દેખાતો નથી, એકાકાર દેખનારને અનેકાકાર દેખાતો નથી. તેથી ભેદરૂપ વ્યવહારને અભૂતાર્થ કહ્યો છે અને નિશ્ચયનયના વિષયભૂત ત્રિકાળી ધ્રુવવસ્તુ એક જ ભૂતાર્થ હોવાથી તેનો આશ્રય કરાવ્યો છે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—કોઈ યોગ્યતાવાળો જીવ હોય તે આશય ગ્રહણ કરી શકતો હોય પણ દ્રવ્ય–ગુણ–પર્યાયનું સ્વરૂપ ન જાણે, તો તે જ્ઞાયકને લક્ષમાં લઈને –અંતર્મુખ થઈને –પોતાનું કાર્ય કરી શકે?

સમાધાન :—તિર્યંચ હોય છે તેને પોતાનો દ્રવ્યસ્વભાવ ગ્રહણ થઈ જાય છે, અસ્તિત્વ ગ્રહણ થઈ જાય છે. મારું અસ્તિત્વ અનંત શક્તિથી ભરેલું છે તેમ તેને અંદરથી આવી જાય છે. તેને ગુણ કે પર્યાય શબ્દ આવડતો નથી, પણ હું એક ચૈતન્યદ્રવ્ય છું, મારું અસ્તિત્વ બધાથી જુદું છે; વિભાવ મારો સ્વભાવ નથી, વિકલ્પ થાય તે હું નથી–મારું સ્વરૂપ નથી એમ આશય સમજી જાય છે અને પોતાના સ્વભાવને ગ્રહણ કરી લે છે કે જાણનારો તે હું. હું જાણનારો કેવો છું? હું ખાલી જાણનારો છું એમ નહિ, પણ અનંતતાથી ભરેલો એવો જ્ઞાયક છું એમ આશય ગ્રહણ થઈ જાય છે. અનંતતા ને અચિંત્યતાથી ભરેલો એવો હું જ્ઞાયક છું એમ સ્વીકારતાં તેમાં અનંતગુણ સમાઈ જાય છે. તિર્યંચને પરિણતિ વગેરે શબ્દ નથી આવડતા, પણ જ્ઞાયકની ગંભીરતા ગ્રહણ કરે છે તેના ઊંડાણમાં બધો સમાવેશ થઈ જાય છે. અસ્તિત્વ, ગુણ, પર્યાય આદિ નામ નથી આવડતાં, પણ અંદર પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરે છે, સ્વભાવની ઓળખાણ કરે છે તેમાં બધું આવી જાય છે. આ શરીર તે હું નથી તેમ જ અંદર ખાવા–પીવાના વિકલ્પ આવે તે પણ મારું સ્વરૂપ નથી, તેનાથી હું જુદો છું એમ પોતાનું અસ્તિત્વ જાણે છે, આમ ભેદજ્ઞાન કરી તિર્યંચ પણ સમ્યગ્દર્શન પામે છે. હું આશ્ચર્યકારી વસ્તુ છું, અનંત ગંભીરતાવાળું અસ્તિત્વ છું એમ પોતાને ગ્રહણ કરે છે તેમાં ગુણ–પર્યાય આદિ બધાના જ્ઞાનનો સમાવેશ થઈ જાય છે.

પ્રશ્ન :—પોતાના અસ્તિત્વનો તિર્યંચને એટલો મહિમા આવે છે?

સમાધાન :—પોતાના જ્ઞાયકનું અસ્તિત્વ પોતે મહિમાથી ગ્રહણ કરે છે કે હું આ જ્ઞાયક કોઈ જુદો જ છું, અનંત સામર્થ્યથી ભરપૂર શક્તિવાળો હું પદાર્થ છું, આ તુચ્છ વિકલ્પ મારો સ્વભાવ નથી અને તેની અંદરમાં દ્રવ્ય–ગુણ–પર્યાયના સ્વરૂપના જ્ઞાનનો સમાવેશ થાય છે. તેને ન્યાય, દલીલ કે યુક્તિઓ આવડતી નથી, પણ અસ્તિત્વને ગ્રહણ

કરે છે તેમાં બધું આવી જાય છે. હું જ્ઞાયક ધ્રુવ, કૂટસ્થ છું, પલટનારો નથી એવું કાંઈ શબ્દોમાં નથી આવડતું; પરંતુ હું મહિમાવાળો જ્ઞાયક છું અને પોતાના અસ્તિત્વને ધરનારો, પોતાના સ્વરૂપમાં રહેનારો તથા બહાર નહિ જનારો એવો મારો સ્વભાવ છે એમ તેને ગ્રહણ થઈ જાય છે. તેને નામ નથી આવડતાં, પણ આત્માને ગ્રહણ કરી તેમાં જ હું સ્થિર રહું તો આ બધું છૂટી જાય એવા બધા ભાવ ગ્રહણ કરી લે છે. નવતત્ત્વનાં નામ નથી આવડતાં, પણ હું આત્મા છું ને આ રાગાદિ વિભાવ છે તથા કોઈ જાતના વિભાવ પરિણામ મારો સ્વભાવ નથી એમ આત્માને ગ્રહણ કરી પોતામાં એકાગ્ર થવાનો પ્રયત્ન તેને થાય છે અને તેમાં બધું જ્ઞાન આવી જાય છે. પુણ્ય-પાપ, જીવ-અજીવ આદિ બધાનું જ્ઞાન સમાઈ જાય છે.

પ્રશ્ન :—જે જ્ઞાન સાથે આનંદ ન આવે તે જ્ઞાન નથી, અજ્ઞાન છે એમ વચનામૃતમાં આવે છે. તો તેનો વિશેષ ખુલાસો કરવા કૃપા કરશો.

સમાધાન :—જ્ઞાન સાથે આનંદ નથી તો તે યથાર્થ જ્ઞાન જ નથી. જેને સમ્યગ્દર્શન થાય, સ્વાનુભૂતિ થાય તેને જ્ઞાન સાથે આનંદ આવે જ. જો આનંદ ન આવે તો જ્ઞાન સમ્યક્રૂપે પરિણમ્યું જ નથી, એકલું લૂખું જ જ્ઞાન છે. જ્ઞાન સાથે આનંદની પરિણતિ જો પ્રગટ થઈ નથી તો તે જ્ઞાન નથી, અજ્ઞાન છે અને તે છૂટું પડ્યું નથી. ભેદજ્ઞાન થઈને અંદર સ્વાનુભૂતિ થાય તો તે જ્ઞાનની સાથે આનંદ આવ્યા વગર રહેતો નથી. જેમ જેમ આસ્રવથી નિવૃત્ત થતો જાય તેમ તેમ જ્ઞાનની દશા વધતી જાય છે અને જેમ જેમ જ્ઞાનદશા વધે તેમ તેમ આસ્રવથી નિવૃત્ત થતો જાય. સ્વાનુભૂતિ પ્રગટ થઈને જ્ઞાનદશા પ્રગટે તેની સાથે આનંદ હોવો જ જોઈએ. જો આનંદ નથી તો તે જ્ઞાનદશા યથાર્થ નથી. જ્ઞાન છૂટું પડીને—ન્યારું થઈને ભેદજ્ઞાનવાળું નથી, તો સમ્યક્જ્ઞાન જ નથી. તે વિચાર કરતો હોય તે જુદી વાત છે પણ તે સમ્યક્રૂપે પરિણમેલું જ્ઞાન નથી.

પ્રશ્ન :—તત્ત્વના વિચાર આખો દિવસ કરે, પણ ભેદ-અભ્યાસ ન કરે તો પણ અનુભવ થાય?

સમાધાન :—તત્ત્વના વિચાર કર્યા કરે, પરંતુ જ્યાં સુધી પરિણતિમાં રાગાદિથી એકત્વ છે અને ભેદજ્ઞાનનો અભ્યાસ નથી તો નિર્વિકલ્પ અનુભૂતિ પ્રગટતી નથી. ભેદજ્ઞાનનો અભ્યાસ કરે તો નિર્વિકલ્પ અનુભૂતિ થાય છે. કોઈને વિશેષ ટાઈમ લાગે ને કોઈને થોડો ટાઈમ લાગે, પણ ભેદજ્ઞાનનો અભ્યાસ કર્યા વગર—દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર્યા વગર—નિર્વિકલ્પ અનુભૂતિ થતી નથી.

## બાળ વિભાગ

# પાંડવોનો વૈરાગ્ય

(શ્રીકૃષ્ણના મૃત્યુ બાદ શ્રીકૃષ્ણના કહ્યા અનુસાર જરતકુમાર પાંડવો પાસે જાય છે અને સંપૂર્ણ વૃત્તાંત બતાવે છે. આગળ શું થાય છે ?—તે હવે વાંચો)

જરતકુમાર દ્વારા દ્વારિકા નગરીનો નાશ તથા શ્રીકૃષ્ણના મૃત્યુના સમાચાર સાંભળીને પાંડવો એકદમ શોકમગ્ન થયા. તેમણે દ્વારિકા નગરી ફરી વસાવી અને શ્રીકૃષ્ણના ભાઈ જરતકુમારને દ્વારિકાના રાજસિંહાસન ઉપર બેસાડ્યા.....

ત્યારે નેમિનાથ ભગવાન તથા શ્રીકૃષ્ણના સમયની સુંદર દ્વારિકા અને વર્તમાનની દ્વારિકાના હાલ—બેહાલ જોઈને પાંડવો શોકાતુર થઈ ગયા, તે વૈરાગ્યથી એમ ચિંતવન કરવા લાગ્યા—

“અરે, આ દ્વારિકા નગરી દેવો દ્વારા રચાણી હતી, તે આજે સંપૂર્ણ બળીને ખાખ થઈ ગઈ છે. નેમિનાથ પ્રભુ જ્યાં રાજસભામાં બિરાજતા હતા અને જ્યાં નિત્ય નવનવા મંગલ ઉત્સવો થતા હતા, તે નગરી આજે સુનસાન થઈ ગઈ. ક્યાં ગયા રુક્મણિ આદિ રાણીઓનાં સુંદર મહેલ અને ક્યાં ગયા હર્ષથી ભરેલા પુત્ર આદિ કુટુંબીજન. હકીકતમાં કુટુંબ આદિનો સંયોગ ક્ષણભંગુર છે, તે વાદળા સમાન જોતજોતામાં જ નાશ પામી જાય છે. સંયોગ તો નદીના પ્રવાહ સમાન ચંચળ છે, તેને સ્થિર રાખી શકાતો નથી. સંસારની એવી વિનાશિક દશા જોઈને વિવેકી જીવો વિષયોના રાગથી વિરક્ત થઈ જાય છે.

હકીકતમાં તો જે સ્ત્રી-પુત્ર-પૌત્ર વગેરેને જીવ પોતાના માને છે, તે પોતાના નથી. ત્યાં સુધી સાથે રહેવાવાળું શરીર પણ પોતાનું નથી, તો દૂર રહેવાવાળા પરદ્રવ્ય પોતાના કેમ થઈ શકે ? બાહ્યવસ્તુમાં સુખ-દુ:ખ માનવું તો માત્ર કલ્પના જ છે. પોતાની વસ્તુ તો માત્ર જ્ઞાનસ્વરૂપી આત્મા જ છે. વિષયભોગ મૂર્ખ જીવોને જ સુખકર લાગે છે. પરંતુ વાસ્તવમાં તે નીરસ છે અને તેનું ફળ દુ:ખરૂપ છે.

જે મૂઢ અજ્ઞાની જીવ તેના સેવનથી પોતાને સુખી માને છે તે આંખોથી જોવા છતાં આંધળા થઈને દુ:ખરૂપી કુવામાં પડે છે અને દુર્ગતિમાં જાય છે. ખંજવાળ સમાન ઇન્દ્રિય-વિષયોના ભોગનું ફળ દુ:ખદાયક જ છે અને તેનાથી જીવને કદાપિ તૃપ્તિ થતી નથી. વિષયોનો ત્યાગ અને ચૈતન્ય સુખનું સેવનથી જ આ જીવને તૃપ્તિ મળી શકે છે.

પાંચ-ઇન્દ્રિયોના વિષયોમાં લીન જીવ પાંચ પ્રકારના પરિવર્તનરૂપ દીર્ઘ સંસારમાં

ચક્કર લગાવે છે અને મિથ્યાત્વની વાસનાને કારણે પોતાના હિત-અહિતનો વિચાર કરતો નથી તથા ધર્મની તરફ તેની રુચિ પણ જાગૃત થતી નથી. માટે મોક્ષસુખની ઈચ્છાવાળા ભવ્યજીવોએ મિથ્યાત્વ અને વિષય-કષાયોનો ત્યાગ કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ પ્રાપ્ત કરવાનો ઉદ્યમ કરવો જોઈએ.''

આ પ્રમાણે વૈરાગ્યપૂર્વક વિચાર કરતાં-કરતાં તે પાંડવો દ્વારિકાથી પ્રસ્થાન કરીને પલ્લવદેશમાં આવ્યા અને ત્યાં બિરાજમાન શ્રી નેમિનાથ તીર્થંકરના દર્શન કર્યા. તેમણે પ્રભુના કેવળજ્ઞાનની સ્તુતિ કરી અને ધર્મની પિપાસાથી તેમનો ધર્મોપદેશ સાંભળ્યો.

પ્રભુની દિવ્યવાણીમાં ચિદાનંદ તત્ત્વની સ્વાનુભૂતિ અને મોક્ષસુખનો અપૂર્વ મહિમા સાંભળીને પાંડવોનું મન શાંત થયું.... તેમની આત્મશુદ્ધિમાં વૃદ્ધિ થઈ.... સંસારથી તેમનું ચિત્ત વિરક્ત થયું અને મોક્ષની સાધના માટે ઉત્સુક થયા. તેઓ વિચારવા લાગ્યા—

''અરે ! નેમિનાથ પ્રભુના સમાન તીર્થંકરનો સાક્ષાત્ સુયોગ મળવા છતાં પણ અમે હજુ સુધી અસંયમી રહ્યા અને તુચ્છ રાજ્યભોગ માટે અનેક મોટી-મોટી લડાઈઓ લડી-લડીને પોતાનું જીવન વીતાવી દીધું.

અરે ! શ્રીકૃષ્ણના સમાન અર્ધચક્રવર્તી રાજાનું રાજ્ય પણ સ્થિર ન રહ્યું. દ્વારિકા નગરી જોત-જોતામાં આંખો સામે જ બળીને ખાખ થઈ ગઈ અને શ્રીકૃષ્ણ જેવા રાજા પણ પાણી વગર વનમાં મૃત્યુને પ્રાપ્ત થયા. અહો ! આ સંસારમાં રાગ, પુણ્ય અને તેનું ફળ બધું જ અધ્રુવ અને અશરણ છે.... જ્યાં પુણ્ય પણ જીવને શરણરૂપ નથી શકતું, ત્યાં અન્યની શું વાત ?''

આ પ્રમાણે વૈરાગ્યચિત્તપૂર્વક પાંચો પાંડવો, દ્રૌપદી તથા માતા કુંતી અને સુભદ્રા આદિ બધા શ્રી નેમિનાથ પ્રભુના સમવસરણમાં બેઠા. બધાનું ચિત્ત અસાર-સંસારથી થાકી ગયું છે અને જિનદીક્ષા હેતુ તત્પર છે. ત્યારે યુધિષ્ઠિર અત્યંત વૈરાગ્યપૂર્વક પ્રભુને વિનંતી કરે છે—

''હે દેવ ! અમને પાંચેય ભાઈ અને દ્રૌપદીના પૂર્વભવ જાણવાની અભિલાષા છે, ત્યારે અચિંત્ય વૈભવયુક્ત પ્રભુની દિવ્યવાણીમાં તેમના પૂર્વભવની કથા આ પ્રમાણે વ્યક્ત થઈ—

''યુધિષ્ઠિર, ભીમ, અર્જુન આ ત્રણેય ભાઈ પૂર્વભવમાં ચંપાપુરીમાં બ્રાહ્મણના પુત્ર હતા—૧. સોમદત્ત, ૨. સોમિલ અને ૩. સોમભૂતિ. આ પ્રમાણે નકુલ, સહદેવ અને

દ્રૌપદી—તે પૂર્વભવમાં અગ્નિભૂતિ બ્રાહ્મણની પુત્રીઓ હતી—૧. ધનશ્રી, ૨. મિત્રશ્રી અને ૩. નાગશ્રી.

આ ત્રણેય કન્યાઓના લગ્ન તે ત્રણે ભાઈઓ સાથે થયા હતા એટલે યુધિષ્ઠિર અને નકુલ—આ બંને ભાઈ તથા ભીમ અને સહદેવ—એ બંને ભાઈ પૂર્વભવમાં પતિ-પત્ની હતા. આ પ્રકારે અર્જુન અને દ્રૌપદી પણ પૂર્વભવમાં પતિ-પત્ની હતા.

એક વાર તે ત્રણે ભાઈઓના ઘરે ધર્મરુચિ નામના મુનિરાજ પધાર્યા... બધાએ આદરપૂર્વક તેમને આહારદાન આપ્યું... પરંતુ તે સમયે નાગશ્રી (દ્રૌપદીના જીવ)એ મુનિરાજનો અનાદર કર્યો... અને અયોગ્ય આહાર આપ્યો... જેનાથી મુનિરાજનું સમાધિમરણ થયું, પરંતુ આ હકીકત જાણીને ત્રણેય ભાઈઓને અત્યંત દુઃખ થયું—

‘‘અરેરે ! અમારા આંગણામાં મુનિરાજનો અનાદર’’—આમ વિચારીને તેમણે વૈરાગ્ય ધારણ કરીને જિનદીક્ષા લઈ લીધી અને આત્મસાધના કરીને સ્વર્ગમાં જન્મ લીધો... ત્યાંથી ચ્યવીને અહીં યુધિષ્ઠિર, ભીમ, અર્જુનના રૂપમાં મનુષ્યજન્મ પ્રાપ્ત કર્યો છે.

આ બાજુ ત્રણે ભાઈઓની પત્નીઓમાંથી નાગશ્રીને છોડીને બંને પત્નીઓએ પણ આર્યિકાના વ્રત ધારણ કર્યા અને આત્મસાધનાપૂર્વક સ્વર્ગમાં ગઈ..... ત્યાંથી નિકળીને અહીં સહદેવ અને નકુળ થયા છે.

નાગશ્રીનો જીવ (જે અત્યારે દ્રૌપદી છે) મુનિની વિરાધનાના દુષ્ટ પરિણામના કારણે મરીને નરકમાં ગઈ. પછી દૃષ્ટિવિષ નામના ભયંકર સર્પ થઈને ફરીથી નરકમાં ગઈ. ત્યાર બાદ ઘણાકાળ સુધી સ્થાવરના અનેક ભવ ધારણ કરીને અને ઘોર દુઃખ ભોગવ્યા. પછી પાપકર્મના ઉદય ઓછા થવાથી તે ચંપાપુરીમાં ચાંડાલ કન્યા થઈ, તે મુનિરાજની પાસે જૈનધર્મનું સ્વરૂપ સાંભળીને મદ્ય-માંસ-મધુ આદિનો ત્યાગ કરીને શુભભાવપૂર્વક મરીને તે જ ચંપાપુરી નગરીમાં એક શેઠને ત્યાં ‘‘સુકુમારી’’ નામની કન્યા થઈ, પરંતુ તેનું શરીર ઘણું કુરુપ અને દુર્ગંધયુક્ત હતું. આ કારણે તેનો પતિ તેનાથી દૂર રહેતો હતો. તેથી તે પોતાના ભાગ્ય ઉપર ખેદ કરતી હતી—

‘‘અરે....અરે ! મૈં પૂર્વભવમાં ધર્મનો અનાદર કરીને પાપ બાંધ્યું, માટે મારો અનાદર થઈ રહ્યો છે’’ આ પ્રકારે પોતાની નિંદા કરીને પશ્ચાત્તાપ તથા ઉપવાસ કરતી હતી.

એકવાર તેના આંગણામાં આર્યિકાનો સંઘ આવ્યો, તેમાં બે આર્યિકા અત્યંત

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૧ ઉપર)

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

## સુવર્ણપુરી સમાચાર :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૬-૧૫ થી ૬-૩૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૮-૦૦ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

### * સમ્યક્ત્વ જયંતી મંગલ પત્રિકા લેખનવિધિ સાનંદ સંપન્ન *

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનનો આગામી ૮૮મો સમ્યક્ત્વ જયંતી મહોત્સવ કે જે શ્રી વાંકાનેર દિગંબર જૈન સંઘ, વાંકાનેર દ્વારા ઊજવવામાં આવનાર છે તેની આમંત્રણ પત્રિકાની લેખનવિધિ મહા વદ-૮, તા. ૧૬-૨-૨૦૨૦, રવિવારના રોજ સાનંદ સંપન્ન થઈ હતી. સવારે જિનેન્દ્ર પૂજા બાદ સર્વે મુમુક્ષુ ભાઈઓ-બહેનો શ્રીમતી ચારૂબેન ગુલાબરાય શાહ પરિવાર, હૈદરાબાદના નિવાસસ્થાને ગયા હતા. ત્યાં ભક્તિ બાદ પત્રિકાને વાજતે-ગાજતે મંદિરમાં લાવવામાં આવી. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનબાદ પત્રિકાનું વાંચન શ્રી વાંકાનેર દિગંબર જૈન સંઘના પ્રમુખ શ્રી જિતેન્દ્રભાઈ વ્રજલાલ શાહ દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ પત્રિકા લેખનવિધિ ભક્તિમય વાતવરણમાં સંપન્ન થઈ.

### * માનસ્તંભનો ૬૮મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ *

ચૈત્ર સુદ ૧૦ તા. ૩-૪-૨૦૨૦, શુક્રવારના રોજ સોનગઢ શ્રી માનસ્તંભ પ્રતિષ્ઠાનો ૬૮મો વાર્ષિક દિવસ પૂજા ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

### શ્રી મહાવીર ભગવાન જન્મકલ્યાણક તથા
### પૂજ્ય ગુરુદેવશ્રીના ૮૬ મા સંપ્રદાય પરિવર્તન દિવસનો મંગલ મહોત્સવ

તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિવસ તથા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સંપ્રદાય પરિવર્તનના ૮૬મા વર્ષનો મંગલ ઉત્સવ સ્વ. હીરાચંદભાઈ ત્રિભોવનદાસ દામાણી પરિવાર તરફથી સુવર્ણપુરી સોનગઢમાં ચૈત્ર સુદ–૧૩ સોમવાર તા. ૬–૪–૨૦૨૦ ના રોજ પૂજન ભક્તિના વિશેષ કાર્યક્રમોપૂર્વક અત્યંત ઉલ્લાસથી ઉજવવામાં આવશે. તો આ મંગળ પ્રસંગે સર્વે મુમુક્ષુઓને આ ઉત્સવનો લાભ લેવા સોનગઢ પધારવા ભાવભીનું આમંત્રણ છે.

## વિદ્યાર્થીઓ માટે સોનગઢમાં ગ્રીષ્મકાલીન

## ✻ ધાર્મિક શિક્ષણવર્ગ ✻

ગ્રીષ્મકાલીન શિક્ષણવર્ગ ઉનાળુ વેકેશન દરમ્યાન તા. ૨૧-૪-૨૦૨૦ મંગળવારથી થી તા. ૩૦-૪-૨૦૨૦ ગુરુવાર સુધી સોનગઢમાં રાખવામાં આવેલ છે. આ દસ દિવસીય શિક્ષણવર્ગમાં ઉત્તમ તેમજ મધ્યમ એમ બે કક્ષા રાખવામાં આવશે.

મુમુક્ષુમંડળનાં બાળકો તેમજ યુવાનોને અધ્યાત્મપ્રધાન ધાર્મિક સંસ્કાર પ્રાપ્ત થાય તે હેતુથી આપના મુમુક્ષુમંડળના બાળકો તેમજ યુવાનોને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં અવશ્ય મોકલવા સર્વ મુમુક્ષુ મંડળોને અનુરોધ છે.

સૂચના— (૧) વિદ્યાર્થીઓ માટે આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે.
(૨) વિદ્યાર્થીઓ પોતાના આગમનની આગોતરી સૂચના ટપાલ દ્વારા મોકલાવે.

*પ્રબંધક– શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ*
*સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)*

## આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી

## ફોર્મ નં. ૪, નિયમ નં. ૮

| | | |
|---|---|---|
| સમાચાર પત્રનું નામ | : | આત્મધર્મ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પહેલી તારીખ |
| પ્રકાશક અને મુદ્રકનું નામ | : | હસમુખભાઈ પોપટલાલ વોરા, મુ. સોનગઢ, જિ. ભાવનગર |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, તા. શિહોર, જિ. ભાવનગર |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : | અનંતરાય વ્રજલાલ શાહ, સોનગઢ |
| મુદ્રણસ્થાન | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |

હું હસમુખભાઈ પોપટલાલ વોરા આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—હસમુખભાઈ પોપટલાલ વોરા
અધ્યક્ષ : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

તા. ૧-૩-૨૦૨૦

## (૮૦)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(નીચે આપેલ પ્રશ્નોના સાચા ઉત્તર એક શબ્દમાં આપો.)

(૧) સમ્યગ્દર્શન થતાં જ કઈ ચેતના પ્રગટ થાય છે ? ............

(૨) તીર્થંકર નામકર્મ પ્રકૃતિ બંધની સોલહકારણ ભાવનામાં સંસારના દુઃખોથી ભીરૂતાનો ભાવ તે કઈ ભાવના છે ? ............

(૩) ક્યા ગુણસ્થાનનાં છેલ્લાં સમયે પરમ યથાખ્યાત ચારિત્રદશા પ્રગટ થતાં ચારિત્રની પૂર્ણતા થાય છે ? ............

(૪) પાંચ મહા પાપમાં જે વચન બીજાને ભય, શોક, ખેદ, કલહ કે દુઃખ ઉત્પન્ન કરનાર હોય તેને ક્યું વચન કહ્યું છે ? ............

(૫) મતિજ્ઞાનાવરણીય કર્મ પ્રકૃતિ તે સર્વઘાતિ પ્રકૃતિ છે કે દેશઘાતિ ? ............

(૬) કાળચક્રમાં જે કાળમાં મનુષ્યના શરીર, સુખ વગેરે ઘટતા જાય તે ક્યો કાળ છે ? ............

(૭) આત્માના સમ્યક્ત્વ અને ચારિત્ર ગુણનો ઘાત મુખ્યત્વે ક્યાં કર્મથી થાય છે ? ............

(૮) મિથ્યાદષ્ટિને મંદ કષાયભાવે થતાં તપને ક્યું તપ કહ્યું છે ? ............

(૯) સમયસારમાં કહ્યું છે કે, જ્ઞપ્તિ ક્રિયા અને "કરોતિ" ક્રિયા બંને ભિન્ન છે માટે જે જ્ઞાતા છે તે શું નથી ? ............

(૧૦) પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વભાવ સન્મુખના જ્ઞાનને સમ્યક્જ્ઞાન અને પરસન્મુખ જ્ઞાને ક્યું જ્ઞાન કહ્યું છે ? ............

(૧૧) પૂજ્ય બહેનશ્રીએ વચનામૃતમાં કહ્યું છે કે, અનંત જીવો પુરુષાર્થ કરી, સ્વભાવે પરિણમી સિદ્ધ થયા છે, માટે જો તારે સિદ્ધ મંડળીમાં ભળવું હોય તો શું કરવાનું કહ્યું છે ? ............

(૧૨) નિશ્ચય રત્નત્રય હિતરૂપ હોવા છતાં તેને દુઃખરૂપ અને કષ્ટદાયક માનવું તે ક્યાં તત્ત્વ સંબંધી ભૂલ છે ? ............

(૧૩) પંચાસ્તિકાય સંગ્રહમાં અગુરુલઘુત્વ ગુણની હાનિ-વૃદ્ધિથી રચાતા પર્યાયને શુદ્ધ કહ્યા છે અને નર, નારક આદિ પર્યાયને કેવા કહ્યા છે ? ...........

(૧૪) છ દ્રવ્યો પૈકી સ્વભાવ વ્યંજન પર્યાય કેટલા દ્રવ્યમાં છે ? ...........

(૧૫) નિયમસારમાં, જે જીવ નિત્ય ધર્મ ધ્યાન અને શુક્લધ્યાનને ધ્યાવે છે તેને શું કહ્યું છે ? ...........

(૧૬) પાંચ ભાવો પૈકી આશ્રય કરવા યોગ્ય કેટલા ભાવ છે ? ...........

(૧૭) ૨૫ કષાયપૈકી સાતમા ગુણસ્થાનમાં કેટલા કષાય હોય છે ? ...........

(૧૮) ક્યા નામકર્મના ઉદયથી શરીરની આકૃતિ થાય છે ? ...........

(૧૯) અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચને ત્રણ પ્રકારના જન્મ પૈકી ક્યા પ્રકારનો જન્મ હોય છે ? ...........

(૨૦) દર્શન મોહનીય અને ચારિત્રમોહનીય પૈકી બીજાનું દુઃખ જોઈ હર્ષ થવો તે મોહનીયકર્મની કઈ પ્રકૃતિના આસ્રવનું કારણ છે ? ...........

---

(અનુસંધાન પેજ નં. ૧૨ થી ચાલુ) (ઈષ્ટોપદેશ પ્રવચવ)

ફળમાં ૮૪ લાખ યોનિમાં ભ્રમણ કરે છે. આહાહા ! મોહને વશ પ્રાણી, જ્ઞાન આનંદ શાંતિ સ્વરૂપ આત્માને ભૂલીને જેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા છે તેને પોતાના માની રહ્યો છે. આહાહા ! પોતાની ભૂલની પોતાને ખબર પડતી નથી, તેથી ભૂલને ગુણ માનતો હોવાથી એની ભૂલ ટળે શી રીતે ? (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૨૭ થી ચાલુ)

સુકોમળ અને નાની ઉંમરની હતી... તેમને વિવાહ મંડપમાં જ જાતિસ્મરણજ્ઞાન થવાથી વૈરાગ્યને પ્રાપ્ત થઈને દીક્ષા ગ્રહણ કરી લીધી. તેમની કથા સાંભળી સુકુમારી (નાગશ્રી અથવા દ્રૌપદીનો જીવ)નું ચિત્ત પણ સંસારથી વિરક્ત થઈ... ત્યારે તેને આત્મજ્ઞાન(સમ્યક્ત્વ) વગર જ આર્યિકાવ્રત ધારણ કર્યા. (ક્રમશઃ) ❊

## (૮૦)

# બાળકો માટેના પ્રશ્નોત્તર

ખાલી જગ્યા ભરો.

(૧) જંબૂદ્વીપનો વિસ્તાર .................. યોજન છે.

(૨) સિદ્ધશિલા .................. લાખ યોજન વિસ્તારવાળી છે.

(૩) ત્રણ લોકના અકૃત્રિમ જિનાલય .............................. છે.

(૪) નંદીશ્વર દ્વીપના બાવન જિનમંદિરમાં કુલ .................. પ્રતિમાઓ છે.

(૫) સાતમી નરકના .................. પટલ છે.

(૬) ગણધરદેવને .................. ઋદ્ધિ હોય છે.

(૭) તીર્થંકર ભગવાનના જન્મના ................ અતિશય હોય છે.

(૮) નિગોદના જીવ .................. સ્થાનમાં ઊપજતા નથી.

(૯) અધોલોકના અકૃત્રિમ ચૈત્યાલય ...................... છે.

(૧૦) રુચિક દ્વીપ ................ મો દ્વીપ છે.

---

નીચે આપેલ જીવો અત્યારે કઈ ગતિમાં હશે જણાવો.

(૧૧) રામચંદ્રજી ...................................

(૧૨) હનુમાનજી ...................................

(૧૩) પૂજ્ય શ્રી કાનજીસ્વામી ...................................

(૧૪) પૂજ્ય બહેનશ્રી ...................................

(૧૫) તમે પોતે ...................................

(૧૬) લક્ષ્મણનો જીવ ...................................

(૧૭) રાવણનો જીવ ...................................

(૧૮) ગજસુકુમારનો જીવ ...................................

(૧૯) અંજના સતી ...................................

(૨૦) સુબાહુસ્વામી ...................................

## પ્રૌઢ માટેના પ્રશ્ન ફેબ્રુઆરી – ૨૦૨૦ના ઉત્તર

(૧) ક્રોધ–માન–માયા–લોભ
(૨) અનંતાનુબંધી–અપ્રત્યાખ્યાન–પ્રત્યાખ્યાન–સંજ્વલન
(૩) દેવ–તિર્યંચ–નારક–મનુષ્ય
(૪) ભવનવાસી–વ્યંતર–જ્યોતિષી–વૈમાનિક
(૫) આહાર–ભય–મૈથુન–પરિગ્રહ
(૬) પ્રથમાનુયોગ–કરણાનુયોગ–ચરણાનુયોગ–દ્રવ્યાનુયોગ
(૭) દ્રવ્ય–ભાવ–નામ–સ્થાપના
(૮) જ્ઞાન–દર્શન–ચારિત્ર–વીર્ય
(૯) સામાયિક–પૌષધ–અતિથિસંવિભાગ–ભોગોપભોગ પરિમાણ
(૧૦) ચક્ષુદર્શન–અચક્ષુદર્શન–અવધિદર્શન–કેવળદર્શન
(૧૧) સપાક–વિપાક–સકામ–અકામ
(૧૨) અરિહંત–સિદ્ધ–સાધુ–જિનધર્મ/વીતરાધર્મ
(૧૩) અરિહંત–સિદ્ધ–સાધુ–જિનધર્મ/વીતરાધર્મ
(૧૪) અરિહંત–સિદ્ધ–સાધુ–જિનધર્મ/વીતરાધર્મ
(૧૫) આર્ત–રૌદ્ર–ધર્મ–શુક્લ
(૧૬) અનાચાર–અતિચાર–વ્યતિક્રમ–અતિક્રમ
(૧૭) મુનિ–અર્જિકા–શ્રાવક–શ્રાવિકા
(૧૮) સંકલ્પી–ઉદ્યોગી–આરંભી–વિરોધી
(૧૯) ઈન્દ્રિય–બળ–આયુ–શ્વાસોચ્છ્વાસ
(૨૦) જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય–મોહનીય–અંતરાય



## બાળકો માટેના આપેલ પ્રશ્ન ફેબ્રુઆરી – ૨૦૨૦ના ઉત્તર

(૧) ફાગણ ૨
(૨) પૂ. બહેનશ્રી, પૂ. શાંતાબેન
(૩) શાંતિનાથ, પદ્મપ્રભુ
(૪) નેમિનાથ
(૫) ૩ લાઈટ
(૬) નાનાલાલભાઈ જસાણી
(૭) ૭૫
(૮) ૧૯૯૭ શુક્ર
(૯) ટ્રેન
(૧૦) સ્વાધ્યાયમંદિર
(૧૧) પૂજ્ય ગુરુદેવ
(૧૨) દંડવત્
(૧૩) વસુબિંદુ
(૧૪) જયપુર
(૧૫) શાંત, ઉપશમ, વીતરાગી
(૧૬) મહા સુદ-૨
(૧૭) સ્વાધ્યાયમંદિર
(૧૮) ૪૫
(૧૯) સીમંધર
(૨૦) પૂજ્ય ગુરુદેવશ્રી

**અખિલ વિશ્વ શ્રી કુંદકુંદ-કહાન પરિવાર યુવા મંડળ-સોનગઢ અંતર્ગત સાઉથ ઝોન**
**આનંદોલ્લાસ સહ અધ્યાત્મ સાધના તીર્થ સુવર્ણપુરીમાં ઉજવે છે**

## અધ્યાત્મમાર્ગપ્રસારક, જ્ઞાયકયુગપ્રવર્તક, સ્વાનુભવવિભૂષિત
## પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૩૧મો

# મંગલ-જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૩૧મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ(સુવર્ણપુરી)માં અખિલ વિશ્વ શ્રી કુંકદુંદ-કહાન પરિવાર યુવા મંડળ—સોનગઢ અંતર્ગત સાઉથ ઝોન મુમુક્ષુ મંડળ દ્વારા અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

તદ્‌નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૩૧મો જન્મ-જયંતી (વૈશાખ સુદ-૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૨૧-૪-૨૦૨૦, મંગળવારથી તા. ૨૫-૪-૨૦૨૦, શનિવાર—પાંચ દિવસીય 'શ્રી તીર્થમંડલ વિધાન પૂજા' પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક સીડી. પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોના શાસ્ત્રવાંચન, ધાર્મિક શિક્ષણ વર્ગ તથા ભજનમંડળી દ્વારા દેવ-ગુરુભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા અમારા તરફથી ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

(આ મહોત્સવની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં તા. ૧૭-૦૩-૨૦૨૦, મંગળવારના રોજ રાખેલ છે. તો સર્વેને પધારવા વિનંતી છે.)

નિમંત્રક
અખિલ વિશ્વ શ્રી કુંકદુંદ-કહાન પરિવાર યુવા મંડળ—સોનગઢ અંતર્ગત
સાઉથ ઝોન મુમુક્ષુ મંડળના જય-જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પ્રશ્ન :—પહેલાં અશુભરાગ ટાળે ને શુભરાગ કરે તો પછી શુદ્ધભાવ થાય તેવો ક્રમ તો છે ને ?

ઉત્તર :—એ ક્રમ જ નથી. પહેલાં સમ્યગ્દર્શન પ્રગટ કરે છે પછી એકદમ શુભરાગ ટાળી શકતો નથી. તેથી પહેલાં અશુભરાગ ટાળીને શુભરાગ આવે છે. એ સાધકના ક્રમની વાત છે. ૩૯૭.

● પ્રશ્ન :—તો અજ્ઞાનીને શું કરવું ?

ઉત્તર :—અજ્ઞાનીને પહેલાં વસ્તુસ્વરૂપનું સાચું જ્ઞાન કરીને આત્માનું ભાન કરવું. એ સમ્યગ્દર્શન પામવાનો સાચો ઉપાય છે. શુભરાગના ક્રિયાકાંડ કરવા તે સાચો ઉપાય નથી. ૩૯૮.

● આત્માને સદાય ઊર્ધ્વ રાખવો. ગમે તે પ્રસંગ આવે પણ દ્રવ્ય સ્વભાવને મુખ્ય રાખવો. શુભાશુભ પરિણામ આવે ભલે. પણ કાયમ દ્રવ્ય સ્વભાવનું ધ્યેય રાખવું. આત્માને મુખ્ય રાખતાં જે દશા થાય તે નિર્મળદશાને સાધન કહેવાય છે ને તેનું સાધ્ય કેવળજ્ઞાન કરવું તે છે ને તેનું ધ્યેય પૂર્ણ આત્મા છે. કષાયની મંદતા કે જ્ઞાનના ઉઘાડની મુખ્યતા હશે તેની દૃષ્ટિ સંયોગ ઉપર જશે. આત્માની ઉર્ધ્વતાની રુચિ અને જિજ્ઞાસા હોય તેનો પ્રયાસ થયા વિના રહે જ નહિ. આત્માના અનુભવ પહેલાં પણ સાચી જિજ્ઞાસા હોય તેને અવ્યક્તપણે આત્માની ઊર્ધ્વતા છે. અહીં હજી આત્મા જાણવામાં આવ્યો નથી પણ અવ્યક્તપણે ઊર્ધ્વતા થાય છે. અને અનુભવમાં આવે ત્યારે વ્યક્ત—પ્રગટ ઊર્ધ્વતા થાય છે. ૩૯૯.

● ક્ષણભંગુર સંયોગના લક્ષે થતા પરિણામ ક્ષણમાં પલટી જશે પણ જ્યારે શાશ્વત રહેનારા આત્માનું લક્ષ કરે ત્યારે પરિણામ શુદ્ધ થશે ને એ શુદ્ધ પરિણામ શુદ્ધપણે શાશ્વત થતાં રહેશે. આનંદસ્વરૂપ જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્માનો અદ્‌ભુત આશ્ચર્યકારી ને ગહન સ્વભાવ છે. એ સ્વભાવનું લક્ષ કરવું એ જ આ દુર્લભ ભવની સાર્થકતા છે. ૪૦૦.

● એક આત્મા જ સાર છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ સાર નથી. એક સમયની પર્યાય પણ સાર નથી. સારમાં સાર તો એક આત્મા જ છે. ચૌદ બ્રહ્માંડમાં સારમાં સાર એક આત્મા જ છે. એ સિવાય બીજું બધું નિઃસાર છે. પૈસા, લક્ષ્મી, ચક્રવર્તીપદ, ઈન્દ્રપદ એ બધું નિઃસાર છે. ચૈતન્ય બાદશાહ એક જ જગતમાં સાર છે. અનાકુળ આનંદનો કંદ, ધ્રુવ સામાન્ય વસ્તુ તે એક જ સાર છે. ચક્રવર્તીપદ કે ઈન્દ્રનું ઈન્દ્રાસન તે પણ સાર નથી. ૪૦૧.

આત્મધર્મ
માર્ચ-૨૦૨૦
અંક-૭ ● વર્ષ-૧૪

Posted at Songadh PO
Publish on 1-3-2020
Posted on 1-3-2020

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**